



વર્ષ : ૨૨    ઓગષ્ટ : ૨૦૦૧    અંક : ૧૧

## * મમતા રડાવે છે *

મમતા અથવા આસક્તિ જ માણસને દુઃખી કરે છે, બેચેન બનાવે છે, ને રડાવે છે. જો દુન્યવી વિષયોમાં કે પદાર્થોમાં મમત્વ, રાગ કે આસક્તિ ના હોય તો જીવને માટે દુઃખી થવાનું, બેચેન બનવાનું કે રડવાનું કોઇ કારણ જ નથી રહેતું. મમત્વ, રાગ અથવા આસક્તિના એ બંધનને તોડવા માટે આત્મજ્ઞાનનો તેમ જ ભગવદ્‌ભક્તિનો આધાર લેવાની જરૂર છે. એની દ્વારા ઈશ્વરના અસાધારણ અનુગ્રહનો લાભ મળવાથી એ બંધન કાયમને કાજે કપાઇ જાય છે ને જીવન સદાને સારુ શાંત, પ્રસન્ન, મુક્ત તથા ધન્ય બને છે. બંધનને તોડીને જીવનને કૃતાર્થ કરવાની એ પ્રક્રિયામાં સંતસમાગમ પણ અમોઘ આશીર્વાદરૂપ ઠરે છે. એ સંતસમાગમ જેને સાંપડી જાય છે એના સૌભાગ્યનો સૂર્યોદય સોળે કળાએ ખીલી ઊઠે છે. એ પણ કોઇકને જ અને ઈશ્વરની કૃપાથી જ સાંપડી શકે છે. મહારાજા ચિત્રકેતુને સંતસમાગમનો એ દેવદુર્લભ લાભ મળવાનો હોવાથી એની પાસે દેવર્ષિ નારદ અને મહર્ષિ અંગિરા આવી પહોંચેલા. સંતપુરુષોના જીવન સૌનું અકારણ હિત કરવા માટે જ હોય છે. સૌનું મન, વચન, કર્મથી પરમકલ્યાણ કરતા એ જગતમાં જીવતા હોય છે. એમના વિના જગતમાં જીવવા જેવું ભાગ્યે જ રહે છે.

યોગેશ્વરજી

' વંદન હજારોવાર ગુરુજી અમારા '



મહાત્મા શ્રી યોગેશ્વરજી

જન્મ : ૧૫-૮-૧૯૨૧ લીલા સંવરણ : ૧૮-૩-૧૯૮૪

## * મારાં બધાં કાર્યોમાં *

મારાં બધાં કાર્યોમાં તમારી મદદ માગું છું,
તમારો દિવ્ય આઠે પ્રહર આશીર્વાદ માગું છું. મારાં૦

તમારું સ્મરણ અંતરમાં અખંડપણે ભલે ચાલે,
તમારાં ભાવનાં ફૂલો ભલે હરરોજ ને ફાલે;
ખરે ઉપકાર માનું કે તમારાંમાં જ જાગું છું. મારાં૦

તમારો સાથ ને સહકાર જીવનમાં મળી જાયે,
કમી શી ધન્યતાની, કૃપાની વર્ષા સદા થાયે;
તમારી છત્રછાયા મધુર તેમ જ હૂંફ માગું છું. મારાં૦

હશે ચિંતા પછી કૈં ના તમારા દિવ્ય સહવાસે,
તમારી શુભાશિષથી દર્દ, ભય ને સંકટે નાસે;
થઇ પાગલ પગે હૈયાથકી હરરોજ લાગું છું. મારાં૦

— યોગેશ્વરજી

[નોંધ : આ ગીત બને તો મોઢે યાદ કરી લો અને રોજ ગાઓ.

જો તે ન બને તો પહેલી બે લીટીઓ રોજ સવારે ઊઠી પ્રભુને વંદન કરતાં ભાવપૂર્વક ગાતાં ગાતાં પ્રભુને પ્રણામ કરો. તેની મદદ માગો. જે સાચા દીલથી માંગે છે, તેને તે મળે છે.

પરંતુ રખે, સાંસારિક વસ્તુઓ માગી બેસતા! નહિ તો રાજા પાસે જઇને એક દિનની ખીચડી માગ્યા જેવું થશે. — તંત્રી]

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦
વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**
⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧. ફોન : **૫૧૬૫૫૧**

### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પૂજ્ય શ્રી યોગેશ્વરજીના સંસ્મરણો | ડૉ. જયંત પાઠક | ૧૦ |
| એવા ગુરુના પદે મારી પ્રીતિ હજો ! | સુરેશ શાહ | ૧૪ |
| ભુજમાં પૂ. માની દિવ્ય નિશ્રામાં યોગજ્યોત ગૌરવ પારિતોષિક વિતરણ સમારોહ | ડૉ. બી. જે. જાગાણી | ૧૬ |
| યોગજ્યોત પારિતોષિક પ્રાપ્ત કરનારા વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓના નામ | — | ૨૨ |
| કચ્છના કૌવતની કદર | સંજય પંડ્યા | ૨૫ |
| ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ | અંબુભાઈ ડી. પટેલ | ૩૩ |
| અધ્યાત્મનો અર્ક | યોગેશ્વરજી | ૩૭ |
| કઠોપનિષદ | યોગેશ્વરજી | ૪૧ |
| MANU SADHNA SHIBIR-2000 | YOGESH LAD | ૪૭ |
| મૌન સાધના શિબિર–૨૦૦૦ | તંત્રી | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |




# * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના ઓગસ્ટ, ૨૦૦૧ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઈ પી. ભક્ત અને શ્રી ગુલાબબેન ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, સત્સંગ મંડળનાં જે કોઈ ભાઈબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. અત્યારે તેમ જ અગાઉ પરદેશના સત્સંગપ્રેમી ભાઈબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૨૧ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

—તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ ઓગસ્ટ–૨૦૦૧ અંક : ૧૧

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૬/૮/૮૧ બુધવાર, શ્રાવણ વદ બારસ, ૨૦૩૭
સ્થળ : શ્રી હિન્દુ મંદિર, લેસ્ટર શહેર, ઈંગ્લેન્ડ

આજે પણ દરરોજની જેમ પૂ. શ્રી ઊઠી જાય છે. સ્નાન કર્યું. કપડાં ધોયાં. વ્યાયામ કરી ગીતાપાઠ કર્યો. દૂધ પીધું. આજે દૂધ સાથે એક કેળું લીધું.

શરીર ઉપર બંડી પણ પહેરી નથી. ખુલ્લા શરીરે કમ્મરની નીચે દોઢવારનો ખાદીનો સફેદ કટકો વીંટી નીચે પલાંઠીવાળી પૂ. શ્રીની કલમ ચાલુ થઈ ગઈ છે.

આજે સર્વેશ્વરીને વરસોથી થતા અનુભવ મુજબ દિવ્ય તેજોમય પ્રકાશનાં કિરણોનું દર્શન થાય છે. વિદેશની ધરતી ઉપર પણ એ અનુભવ થતાં પૂ. શ્રીને આનંદ થાય છે.



સાડા અગીયારે લેખન પૂરું કરી પૂ. શ્રી ધોતીયું પહેરી લે છે. તડકો હોવાથી બહાર ફૂટપાથ ઉપર થોડું ફરવા જવાનું પૂ. શ્રી ઈચ્છે છે. મુલાકાતમાં આવેલાં એક બેન પણ સાથે જ ચાલે છે. ચાલતાં ચાલતાં તે બેન પોતાના પ્રશ્નો પૂછે છે. તે બેન મંત્રજપ કરે છે. ધ્યાન માટે માર્ગદર્શન મેળવે છે. ફરીને આવ્યા ત્યાં તો આખોયે ઓરડો મુલાકાતીઓથી ભરાઈ ગયો હતો. પેલાંબેનને પૂ. શ્રી ધ્યાનમાં બેસવાનું કહે છે.

હું આપને બુધવારે મળીશ એવું જે ભાઈએ બે દિવસ ઉપર ફૂટપાથ ઉપર જણાવેલું, તે ભાઈ પણ આજે આવીને બેઠા છે. તેમણે પ્રકાશના પંથે, ગીતાદર્શન, યોગદર્શન, ધર્મનો સાક્ષાત્કાર વિગેરે પુસ્તકો વાંચ્યા છે. તેમણે પ્રવચન ગોઠવવું છે જેથી તેની વિગત, સમય, સ્થળ, વિષયની તેઓ પૂ. શ્રી સાથે ચર્ચા કરે છે. તે ભાઈનો ઉત્સાહ જોતાં પૂ. શ્રીએ પ્રવચનની હા પાડી અને તે પણ બપોરે ત્રણથી પાંચનો આરામનો સમય લોકકલ્યાણ અર્થે આપ્યો. તે ભાઈને આનંદ થયો.

શ્રી દ્વારિકાદાસ પણ સપરિવાર આવીને બેઠા છે. અધ્યાત્મ માસિકની વિગતવાર વાતો થઈ. સમય થતાં સૌ વિદાય લે છે.

શ્રી ગોવિંદભાઈ આવી ગયા. શ્રી વિજ્યાબેનના ઘરે ખીચડી શાકનું ભોજન લીધું. ભોજનબાદ શ્રી વિજ્યાબેને પૂ. શ્રીને કહ્યું : મહાત્માજી આપણે ટી. વી. ઉપર રામાયણ, મહાભારત, શ્રીકૃષ્ણની ફિલ્મ જોઈએ તો? તમે પણ તે જુઓ એવી મારી ઈચ્છા છે.

પૂ. શ્રી : આ જગત જ જીવતી જાગતી સીનેમા છે. હું તો તેને જ જોયા કરું છું. જુઓને, હજારો નટનટીઓ જગતમાં આવે, પાઠ ભજવે ને અંતે જાય.

શ્રી વિજ્યાબેન : પણ મહાત્માજી આ સીનેમા તો ધાર્મિક છે. જુઓને, હવે મારી ખૂબ ઇચ્છા છે.

પૂ. શ્રી : સીનેમા ન જોવી એવું પણ નથી. પણ એ બધાંને શું જોવાં છે?

છતાં વિજ્યાબેનનો આગ્રહ ચાલુ જ રહેતાં પૂ. શ્રીએ હા પાડી. ભોજન દરમ્યાન જ એક દિવસ આ ઓરડામાં સામે જ ટી. વી. છે એના ઉપર સીનેમા જોવી એવું નક્કી થઇ ગયું.

પૂ. શ્રીના બ્રાહ્મણના હાથની જ રસોઇ જમવાનો નિયમ શ્રી વિજ્યાબેનને ખૂબ ગમ્યો. તેમણે આજે વાતચીતમાં કહ્યું : તમારા આ નિયમથી અમારા જેવાંને સત્સંગનો લાભ ને સંતસેવાનો લાભ મળે. હું અહીં છ સાત વરસથી રહું છું. પણ જોયા કરું છું. શરૂઆતમાં ઘણા સંતોનો આવો બ્રાહ્મણના હાથે જ ભોજનનો નિયમ હતો, પણ તેઓ બીજી કે ત્રીજીવાર અહીં આવે એટલે બધાના હાથનું ને બધાને ઘેર ખાતા થઇ જાય છે.

શ્રી ગોવિંદભાઇ પણ કહેવા લાગ્યા : મંદિરમાં હું નવ વર્ષથી કામ કરું છું, પણ યોગેશ્વરજી જેવા નિયમવાળા કોઇ મહાત્મા અમે જોયા નથી. બધા જ પોતાના નિયમોમાં છૂટ મૂકવા મંડી જાય છે. સાચા ને સારા સંતો ભાગ્યે જ જોવા મળે છે.

ભોજનબાદ ઉતારા ઉપર આવી આરામ. આજે સર્વેશ્વરી એક શાળા જોવા જાય છે.

શાળાનાં આચાર્યાબેન સર્વેશ્વરી સાથે હસ્તધૂનન કરવા ઇચ્છે છે. જવાબમાં સર્વેશ્વરી હાથ જ જોડે છે.

સાડા ત્રણથી અગિયાર વરસનાં બાળકોની આ શાળામાં કુલ ૨૦૦ વિદ્યાર્થીઓ છે. દરેક વર્ગમાં ૧૬ કે ૧૭ જ બાળકો હોય.



અગિયાર વરસસુધી પરીક્ષા નહીં, ગૃહકાર્ય નહીં. બધાં જ બાળકો દરવરસે ઉપરના વર્ગોમાં જાય. ભણવામાં હોંશિયાર હોય તેવા બાળકોને બે ધોરણ આગળ પણ ચઢાવી દે. અગિયાર વરસ પછી વિદ્યાર્થી બીજી શાળામાં આગળ અભ્યાસ માટે જાય, પણ તે માટે તે શાળાના પ્રવેશની ચિંતા કે જવાબદારી વાલીને ન હોય, આ શાળા જ વાલીને જાણ કરે કે તમારો બાળક હવે શહેરની આ શાળામાં પ્રવેશ પામે છે, માટે હવે તેને ત્યાં મૂકજો.

શાળામાં બપોરનું ભોજન પણ મળે. અઠવાડિયે એક પાઉન્ડ ભોજનની ફી હોય છે. આ દેશમાં બાળમંદિરથી કોલેજ સુધીનું શિક્ષણ મફત, પેન, પેન્સિલ, નોટ પણ શાળા જ આપે. અગિયાર વરસ સુધી તો બાળક ખાલી હાથે જ ઘરેથી ભણવા જાય ને આવે. બાળક સોળ વરસનો થાય ત્યાંસુધી સરકાર તેના માબાપને અઠવાડિયે સાડાચાર પાઉન્ડ આપે, જેથી બાળકની સારી સંભાળ રાખી શકાય. તે પૈસા દર અઠવાડિયે પાસેની પોસ્ટઓફિસમાંથી માબાપ લઇ આવે.

મૂળાક્ષર શીખવવા માટે ચિત્રથી શરૂઆત થાય. દા. ત. A શીખવવા માટે એપલ–સફરજનનું ચિત્ર દોરતાં શીખવે. છેક નાનપણથી જ બાળકને પીંછી ને રંગ આપવામાં આવે. વર્ગમાં નાના નાના સ્ટેન્ડ ઉપર બોર્ડ હોય છે ત્યાં બાળકો ઊભા ઊભા પણ ચિત્રો દોરી શકે. અગિયાર વરસની અંદર તો તરવાનું પણ શાળા શીખવે છે. દરેક વિષયનું પ્રત્યક્ષ જ્ઞાન આપે. બાંધકામનો વિષય હોય તો જ્યાં બાંધકામ થતું હોય ત્યાં બાળકોને લઇ જાય ને જ્ઞાન આપે. વર્ગમાં બેસવા માટે ટેબલખુરશી. બાળકો એક-બીજાનાં મોં જોઇ શકે એ રીતે સામસામી તે ગોઠવેલાં હોય છે.

શાળા જોઇને આનંદ થયો. ત્યાંથી શ્રી શક્તિમંદિર જોવા ગયાં. એક ચર્ચને ખરીદીને ત્યાં મંદિર બનાવ્યું છે. એમાં માતાની મૂર્તિ હતી. આજકાલ અહીં રામાયણનું પારાયણ ચાલી રહ્યું છે.

એક કલાક શ્રી શ્રીકાંતભાઇ તથા શ્રી જ્યોત્સ્નાબેનની ભાવના મુજબ બહાર જવાનું બન્યું. બહારથી સર્વેશ્વરી ઉતારા ઉપર આવ્યાં ત્યારે પૂ. શ્રી પોતાના લેખનકાર્યમાં મગ્ન હતા. સર્વેશ્વરી પોતાનો રામાયણપારાયણનો પાઠ કરે છે.

આજે સાંજની મુલાકાતમાં મંત્ર, ગાયત્રીની ઉપાસના, શ્રાદ્ધઅંગે સુંદર પ્રશ્નોત્તરી થઇ.

સમયસર પ્રવચન સ્થળે પહોંચી ગયાં. પ્રવચન બાદ ઉતારા ઉપર આવી ગયાં. આરામ.

ઇંગ્લેન્ડનું સમાજજીવન પંખીના માળા જેવું છે. પાંખ આવતાં જ પંખી ઊડી જાય, તેમ છોકરાછોકરી સહેજ મોટાં થાય એટલે માતાપિતાથી અલગ થઇ જાય. માતાપિતાને એકાદવાર મળવા આવે. આપણા દેશની સંયુક્ત કુટુમ્બની ભાવના સાથે આ જીવન ક્યાં મેળ ખાય તેવું છે?

વૃદ્ધ સ્ત્રીપુરુષનું સરકાર ધ્યાન આપે. બાળકોને નોકરીવિનાના બેકારોનું પણ સરકાર ધ્યાન આપે. ભૌતિક સુખસગવડ ઘણી, પણ કૌટુમ્બિક ભાવનાવાળું જીવન જોવા ન મળે.

ઘણાં અંગ્રેજો ને આફ્રિકન મંદિરમાં દર્શન કરવા આવે. ઘણાં હરેકૃષ્ણ ચળવળમાં પણ જોડાયા છે.

આપણો ભારતીય યુવાનવર્ગ હિન્દુધર્મમાં ઓછો રસ ધરાવે. ભારતીય સંસ્કારો ભૂલતો જાય છે.



ફરી ફરી આ વિદેશની ભૂમિ ઉપર પ્રસન્નતાથી આવવું ન ગમે, એવું કંઇક અનુભવવા મળે છે. નવા દેશનું એકવાર દર્શન પૂરતું છે. કેટલાક જિજ્ઞાસુ, ધર્મપ્રેમી ભાઇબેનોને મદદ મળે એથી પણ અહીં ઈશ્વર લાવતા હોય તો તે ઈશ્વર જ જાણે ને!

(ક્રમશઃ)

સદ્‌ગુરુ તત્ત્વ અને ઈશ્વર તત્ત્વ એક જ છે. ઈશ્વર જે રીતે વ્યાપક છે તેવી જ રીતે ગુરુ પણ વ્યાપક છે. એટલે વ્યાપકને શોધવાની નહિ, પણ ઓળખવાની જરૂર છે.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

# પૂજ્ય શ્રી યોગેશ્વરજીના સંસ્મરણો

ડૉ. જયંત પાઠક

સાધુસંતો સાથે મારે સારી લેણાદેણી છે. ખાસ કરીને જે સંતો સાહિત્યાનુરાગી છે. ઉદારચિતને મતાંતર સહિષ્ણુ છે. તેમનો સંગ–સંબંધ મને ઠીક ઠીક સાંપડયો છે. પૂ. યોગેશ્વરજી આવા એક સંત હતા.

સૂરતમાં પૂ. યોગેશ્વરજી દર વર્ષે આવતા ને થોડા દિવસ ગાળતા. મોટે ભાગે બેસન્ટ હોલમાં કે સનાતન હોલમાં એમનાં પ્રવચનો થતાં. એ સાંજ મને બરાબર યાદ છે. મારા પરમ આશ્ચર્ય વચ્ચે મેં પૂ. યોગેશ્વરજીને એમનાં બા તથા બે ભક્તો સાથે મારા દરવાજામાં પ્રવેશતાં જોયા. મેં એમને આવકાર્યા, બેસાડયા ને પછી કહ્યું. "આપે મારા ઘરસુધી આવવાની તકલીફ શા માટે લીધી? આપ મને આપની પાસે બોલાવી શક્યા હોત, હું આપના કહેણાને મારું સદ્‌ભાગ્ય ગણત." યોગેશ્વરજી હસીને કહે : "જયેન્દ્રભાઈ, તમને હું મારા નિવાસે બોલાવું તો તમારે ચાલીને કે વાહન કરીને આવવું પડે. હું તો રોજ સાંજે આ ભક્તોની ગાડીમાં ફરવા નીકળું છું મને તમારે ત્યાં આવવામાં શી અડચણ હોય? તમે કવિ લેખક છો, તેની મને જાણ છે, એટલે થોડી સાહિત્યની, કવિતાની વાતો કરવા આવ્યો છું." મારો ક્ષોભ થોડો ઓછો થયો. ને પછી તો સાહિત્ય અને સાહિત્યકારોની વાતો ચાલી. એમને ઘણા લેખકો અને પ્રકાશકોની પાકી ખબર. નવાં પ્રકાશનો વિષે પણ જાણે. મારી કવિતાનો ને 'વનાંચલ'નો પણ એમને પરિચય.



પૂ. યોગેશ્વરજી સાથેનો મારો સંબંધ ખાસ તો સાહિત્યને લીધે. તેઓ સારા કવિ ને કથા લેખક એમણે કાવ્ય સંગ્રહો પ્રગટ કર્યા છે. ને નવલકથા પણ રમણ મહર્ષિ અને મહાત્મા ગાંધી વિશે પણ એમણે દળદાર ગ્રંથો કર્યા છે. કાવ્યમાં એમના છંદો સાફ, શબ્દો બહુધા તત્સમ, ને શૈલી પ્રશિષ્ટ પ્રાસાદિક એમના પ્રવચનની વાણી જેવી પ્રવાહી, વેગીલી ને ચોટદાર તેવી જ એમની કવિતા કથાની વાણી પણ. એક વાર તેઓનો વડોદરાથી પત્ર આવ્યો. મારે એમને મળવું એવો એમનો આગ્રહ હતો. હું આકાશવાણીનું મારું કામ પતાવી એમણે આપેલા કારેલીબાગના શ્રી ઉપેન્દ્રાચાર્યજીના નિવાસ-સ્થાનના સરનામે જવા નીકળ્યો, પહોંચ્યો ઉમળકાથી આવકાર્યા પછી એમણે પોતે જે કાવ્ય લખતા હતા તે મારી આગળ વાંચવા માંડયું. કાવ્ય રુક્મિણી વિશે હતું. એટલું બરાબર યાદ છે. કદાચ કોઈ દીર્ઘકૃતિનો એ અંશ પણ હોય. વાંચી રહ્યા પછી એમણે હસ્તપ્રત મારા હાથમાં મૂકી. યોગેશ્વરજીના હસ્તાક્ષર એમના વ્યક્તિત્વ જેવાઃ સ્વચ્છ, સ્પષ્ટ, થોડા મોટા, ખાસ મરોડદાર નહીં, પણ સીધા સરલ. મોટા માણસોમાં જ મળે એવી નમ્રતા સાથે એમણે કહ્યું : "કેમ, કેવું લખાય છે? હજી તો આગળ લખવાનું છે." આગળની એમની યોજના પણ એમણે સમજાવી. મેં કહ્યું : "આપ તો ઘણું લખો છો. એટલે સિદ્ધહસ્ત છો." યોગેશ્વરજી સામાન્ય રીતે દીર્ઘ કાવ્ય રચનાઓ કરે, એકથી વધુ ખંડમાં નવલકથાઓ રચે ને દળદાર આત્મકથાત્મક ગ્રંથ લખે, બધામાં એમનું એક ચોક્કસ આયોજન હોય, વ્યવસ્થા હોય, ચીવટ ને પરિશ્રમ હોય.

સહેજ સંકોચ થાય છે, પણ યોગેશ્વરજીનો એક પ્રસંગ કહું : પૂ. યોગેશ્વરજીના પ્રવચનો સૂરતમાં બેસન્ટ હોલમાં ચાલે. એક દિવસ એમણે મને બોલાવ્યો. હું એમના નિવાસે પહોંચ્યો. ને

ત્યાંથી એમની સાથે બેસન્ટ હોલ ગયો. એમણે મને મંચ ઉપર એમની પાસે બેસવા કહ્યું. હું બેઠો. એમનું પ્રવચન ચાલતું હતું ત્યાં વચ્ચે જ એમણે તે અટકાવીને કહ્યું, "આજે મારી બાજુમાં તમારા શહેરના ને ગુજરાતના એક પ્રતિષ્ઠિત કવિ બેઠા છે, આપણે એમનું સન્માન કરીએ છીએ." બોલીને એમણે મારા ગળામાં પુષ્પહાર પહેરાવી દીધો. હું ગળગળો થઇ ગયો. બે અક્ષર આભારના બોલ્યો ને યોગેશ્વરજીને વંદન કરી બેસી ગયો. એ સન્માનના નિમિત્તનું સ્મરણ મને બરાબર નથી કદાચ ત્યારે મને રણજીતરાય ચંદ્રક કે પછી દિલ્હીની સાહિત્ય અકાદમીનો એવોર્ડ મળ્યો હશે. નિમિત્ત મહત્ત્વનું નથી, મહત્ત્વની વાત તો એમની કવિતા પ્રીતિની સરસ્વતી પૂજનની છે, વિદ્યા ને કલા પ્રતિની એમની ભક્તિની છે.

તે દિવસે પ્રવચનમાં મેં એમને થોડા અનોપચારિક ને સ્પષ્ટ વક્તા થતા પણ જોયા. પ્રવચન દરમ્યાન તેમણે શ્રોતાભક્તોને જે કહ્યું તે મને બરાબર યાદ રહી ગયું છે. તેઓશ્રી કહે : "હું પરદેશમાં જાઉં છું ત્યારે મારા પ્રવચનો સાંભળવા મોટેભાગે યુવાનો આવતા હોય છે. એમને ભારતીય સાહિત્ય, સંસ્કૃતિ, યોગ આદિ વિશે જાણવાની ભારે ઉત્કંઠા હોય છે. તેઓ મારી પાસેથી નિષ્ઠાપૂર્વક યોગના પાઠ શીખે છે. સત્ય જાણવાની એ પશ્ચિમની પ્રજાની તાલાવેલી અને આગ્રહ મારા મનમાં એમને માટે આદર જગાડે છે. અહીં હું જોઉં છું તો દર વરસે એના એ જ શ્રોતા-ઓ! કેટલાક ઘરડા ને કેટલાક આધેડ, યુવાનો તો ઓછા જ. ઘણા તો માત્ર સમય પસાર કરવા જ આવતા હશે." શ્રોતાઓને આ સાંભળી કદાચ આઘાત થયો હશે, પણ મને તો પૂ. યોગે-શ્વરજીમાં તે દિવસે સાચા ગુરુના દર્શન થયાં. આપણા સાહિત્ય ને સંસ્કૃતિ પરત્વેની આપણી પ્રજાની ઉદાસીનતાનો એમાં ઠપકો



હતો. ને એક સંવેદનશીલ ગુરુની વેદના પણ. મારા મન ઉપર આ પ્રસંગની એક અવિસ્મરણીય છાપ પડી છે.

પૂ. યોગેશ્વરજી એક યોગી હતા. હિમાલયમાં વસીને એમણે વર્ષોસુધી યોગસાધના કરેલી. તેઓ કોઇ વાર કહેતા કે એમને એમના કર્ણપટમાં એક અનાહત નાદ સંભળાય છે. હું સાંભળી રહેતો, મારી શ્રદ્ધાને સંકોરવા મથતો. એક પ્રસંગનો અહીં ઉલ્લેખ કરું : પૂ. યોગેશ્વરજી કહેતા કે તેઓ મહાપુરુષોના આત્માને મળી શકે છે. ને તેમની સાથે વાત પણ કરી શકે છે. એક દિવસ એમના એક ગ્રંથની ઘણું કરીને (ગાંધીજી વિશેની) વાત નીકળી. તેઓના મનમાં એ ગ્રંથની પ્રસ્તાવના માટે બે માપો હતાઃ શ્રી મોરારજી દેસાઇ અને હું એટલે કે જયંત પાઠક. એક દિવસ મને કહે–"મને આજે ગાંધીજી (એટલે એમનો આત્મા) મળ્યા મેં એમને પ્રસ્તાવના વિશે એમની પસંદગી જણાવવાનું કહ્યું. એમણે શ્રી મોરારજી દેસાઇની પ્રસ્તાવના લેવાનું કહ્યું. "આવી બાબતમાં હું સંશયાત્મા. પણ પૂ. યોગેશ્વરજી ખોટું શા માટે બોલે? એમનો એમાં શું સ્વાર્થ? આ વિશ્વની રહસ્ય સભરતાને કોણ તાગી શકે! મનની શક્યતાઓ પૂરી કોણ જાણે! એટલે કાંઇ ટીકાટીપ્પણ વગર હું તો કહીશ કે પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે." પૂ. શ્રી યોગેશ્વરજીને પ્રણામ.

# એવા ગુરુના પદે મારી પ્રીતિ હજો !

સુરેશ શાહ–ટોરન્ટો કેનેડા

૧૮ માર્ચ, ૨૦૦૧ પૂ. શ્રીના પાર્થિવતનુના પરિત્યાગને સત્તર વર્ષ થઇ ગયાં. પ્રભુના એ પાગલ પ્રેમીને પ્રકૃતિએ પોતાના અંકે લઇ લીધા. સ્થૂળ નહીં તો સૂક્ષ્મ સ્વરૂપે પૂ. શ્રી આજે પણ આપમાં સૌમાં વિચરી રહ્યા છે. સામાન્ય આત્મામાંથી મહાત્મા સામાન્ય સંતમાંથી સંતશિરોમણી અને સામાન્ય ભક્તમાંથી ભગવાન બની એક સમર્થ સદ્‌ગુરુએ આપણા સૌની યોગ્યતાનો વિચાર કર્યાવિના તેમના પ્રેમાશ્રયનો આપણને લાભ આપ્યો.

પૂ. યોગેશ્વરજી,

* જેમની સાધના હિમાલયના ઊંચા શિખરોથી પણ ઉન્નત્ત હતી.

* જેમનાં ભક્તિ અને વૈરાગ્ય અલકનંદા અને ભાગીરથીના સંગમ જેવાં સંમોહક હતાં.

* જેમનો આત્માનો અવાજ સાગરનાં પ્રચંડ મોજાંથી પણ વધુ પ્રચંડ હતો.

* જેમનો આત્મવૈભવ સ્વર્ગના દેવોને પણ ઈર્ષ્યા આવે તેવો હતો.

* જેમની સાદાઇ પારદર્શક અને પરાગ જેવી પાંગરતી હતી.

* જેમની વાણી અમૃતથી પણ સવિશેષ તૃપ્તિ કરનારી હતી.

* જેમનો સહયોગ સમાજ અને સૃષ્ટિ માટે અલભ્ય હતો.



* જેમની દૃષ્ટિ મેઘ સમાન નિર્મળ હતી અને ગંગાજેવી પાવન હતી.

* જેમનું હૃદય પ્રભુપ્રેમમાં પાગલ હતું અને પાગલતા જેમનો પ્રાણ હતો.

* જેમની ધીરજ ધરતી સમાન હતી, જેમની ઉદારતા સમીર સમાન હતી, જેમની સરળતા આકાશને આંબી જાય તેવી હતી તે સદ્‌ગુરુના શ્રી ચરણોમાં કોટિ પ્રણામ. કોટિ વંદન.

આપની સાહિત્યસેવા, આપના ઉપદેશો, આપના સંવાદો, અરે, આપનું સમગ્ર જીવન આધ્યાત્મિક જગતને પ્રકાશનો પંથ પ્રદર્શિત કરતું રહેશે. સાબરમતીના સંત, મસુરીના મહાત્મા, દેવપ્રયાગના દેવર્ષિ, હિમાલયના ઋષિ અને સામાન્ય ભક્તના પરમ આદરણીય સદ્‌ગુરુના શ્રી ચરણોમાં આ અંજલિ અર્પણ કરતાં અનહદ આનંદ અનુભવું છું.

સાધકમાંથી સિદ્ધ થનાર, આપને અમારી પ્રેમાંજલિ.
પ્રભુપંથના યાત્રી, આપને અમારી પુષ્પાંજલિ.
નરમાંથી નારાયણ થનાર, આપને અમારી સ્નેહાંજલિ.
ભક્તમાંથી ભગવાન થનાર આપને અમારી હૃદયાંજલિ.

હિમાલય જેવા ધીર અને અચલ મહાત્મા યોગેશ્વરજી હિમાલય જેવા સર્વોચ્ચ સંત થયા તેમને અમારી શ્રદ્ધાંજલિ.

### ભૂજમાં પૂ. માની દિવ્ય નિશ્રામાં "યોગજ્યોત ગૌરવ"

# પારિતોષિક વિતરણ સમારોહ

ડૉ. બી. જે. જાગાણી

તા. ૧–૭–૨૦૦૧ ના રોજ ૧૦ થી બપોરના ૨–૦૦ કલાક ભુજ ખાતે માતૃથાયા કન્યા વિદ્યાલયમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં ૧ થી ૧૦ મા ક્રમે પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પૂ. માની નિશ્રામાં અને વરદ હસ્તે 'યોગ જ્યોત ગૌરવ' પારિતોષિક વિતરણ સમારોહ સાધકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, ટ્રસ્ટીઓ અને શિક્ષણપ્રેમી ભાઈ–બહેનોની હાજરીમાં યોજાઇ ગયો. કુલ ૪૦૦ જેટલા ભાઈ–બહેનોએ પૂ. માની ઉપસ્થિતિ, દિવ્ય કૃપા, દર્શનનો લાભ લીધો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રાણજીવનભાઇ ઠક્કર તથા શ્રી રાજુભાઈ જાનીએ કર્યું. 'ઓ રે શારદાની પ્રાર્થના સંસ્થાની નાની નાની બાલિકાઓએ રજૂ કરીને સોફાપર બિરાજતાં પૂ. માને પ્રસન્ન કરી દીધાં. પૂર્વા ધોળકિયા અને મીરા દૈયાએ રાધા–કૃષ્ણનું મનનીય–નયનરમ્ય નૃત્ય રજૂ કરીને પૂ. માનું સ્વાગત કર્યું. સંસ્થાનાં આચાર્ય શ્રી હેમલત્તાબેન રાજાણીએ શાબ્દિક સ્વાગત કર્યું. જ્યારે પ્રો. તરલાબેન, ટ્રસ્ટી શ્રી માણેકલાલભાઈ, ડી. ઇ. ઓ. શ્રી મકવાણા સાહેબ, શ્રી છાયા સાહેબ, વગેરેનું પુષ્પ-ગુચ્છથી સ્વાગત કર્યું. પૂ. માનું સ્વાગત પણ શ્રી માણેકલાલભાઇ-એ શાલ–પુષ્પ અર્પણ કરીને કર્યું. પૂ. માએ સ્વીકાર કરી વયોવૃદ્ધ ટ્રસ્ટી શ્રી માણેકભાઈને નમીને પ્રણામ કરી, સૌને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. પૂ. માનો નમ્રતાનો સંસ્કાર આમ અજાણ્યા-ઓને પણ સ્પર્શી ગયો.



શ્રી રાજુભાઇ જાનીએ સર્વમંગલ ટ્રસ્ટનો પરિચય આપી લોકકલ્યાણ–સંગ્રહની પ્રવૃત્તિઓમાં પૂ. માની પ્રેરણાથી કચ્છ, અંબાજી, મોરબી, મસુરી અને અન્ય જગ્યાએ કેવો કેવો પ્રતિસાદ મળી રહ્યો છે તેની આછેરી ઝલક આપી.

કચ્છમાં ૨૬–૧–૨૦૦૧ ના રોજ આવેલ ભૂકંપથી તારાજ થયેલા મકાનો અને મનથી ભાંગી પડેલા માનવીઓમાં કેવી રીતે ફરી ઉત્સાહ આવે તે માટે ટ્રસ્ટે કરેલી વિવિધ પ્રવૃત્તિઓ–મોરબી-ના ૭ ગામોમાં ૮૩ દિવસમાં બંધાયેલી ૭ શાળાઓ, આપેલી રોકડ સહાય અને વિદ્યાર્થીઓને ઇનામ–પારિતોષિક, શિષ્યપ્રવૃત્તિ, સદ્સાહિત્ય આપવાની યોજનામાં મળેલી સફળતા અંગે અછડતો ખ્યાલ આપ્યો.

શ્રી તરલાબેન દેસાઇએ પૂ. માનો પરિચય આપતાં જણાવ્યું કે પૂ. માનો પરિચય આપવામાં દિવસોના દિવસો ટૂંકા પડે. પણ અર્ધા કલાકના સમયગાળામાં ટૂંકો પરિચય આપી શકાય. ટૂંકસાર આ મુજબ છે.

૧. પૂ. માનું સમર્પણ–ગુરુભક્તિ બેનમૂન છે. ગુરુશ્રી યોગે-શ્વરજીના કાજે જ જીવે છે. ૧૯૯૫ થી મૌન સેવે છે. છતાં શબ્દો-ના માલિક છે. સરોજમાંથી સર્વેશ્વરી થયાં છે.

૨. ૧૯૪૩ માં સુરત પાસેના કપૂરા ગામે જન્મ્યાં અને સમગ્ર વિશ્વમાં ફેલાઇ ગયાં. વિશ્વવંદનીય વ્યક્તિ છે. ૐ યોગે-શ્વરાય નમઃ નામનો મંત્ર પૂ. માનો પ્રાણ છે.

૩. તપશ્ચર્યા ઉગ્ર કરે છે, ૧૯૮૪ થી અન્ન નથી લેતાં, એકાતરા દિવસે નિર્જળા કરે છે, દરરોજ ૨૨૫ જેટલા દંડવત–પ્રણામ કરે છે, ઊંઘ માત્ર બેએક કલાક લે છે, દરરોજ નિયમ

મુજબના જપ, સ્તુતિઓ, પાઠ કરે જ અને ભક્તોને વ્યક્તિગત મુલાકાત આપીને પ્રેમની ગંગામાં નવડાવે.

૪. પોતે કશું ના લે, છતાં બીજાનું ધ્યાન રાખે. નિર્વ્યાજ પ્રેમની પ્રતિકૃતિ છે. 'હું છું જ નહીં, પ્રભુની મસ્તીમાં ભળી ગઇ છું, ગળી ગઇ છું' આ ભાવ સતત હૃદયમાં ગુંજ્યા કરે છે.

૫. રામ–કબીર સમાજ કપુરા ગામનાં છે. પૂ. મા આ સમાજની ભેટ છે, હાલ ૫૭ મું વર્ષ ચાલે છે, 'All for your-self, not for my self' બધું જ તમારું, મારું કશુંય નહીં' ના ભાવ સાથે પૃથ્વી પર વિચરણ કરીને સૌને શાંતિ આપે છે.

૬. પૂ. મા બી. એ. ગોલ્ડ મેડાલીસ્ટ છે, સુરતની સાધના સ્કૂલમાં બંને પાળીમાં ૩૦૦૦ વિદ્યાર્થીઓ, અને ૮૦ જેટલા સ્ટાફનું વ્યવસ્થાપન પૂ. માએ આચાર્ય તરીકે કર્યું છે.

૭. ૧૯૭૧ માં ગુરુપદે યોગેશ્વરજીને સ્થાપ્યા, પૂ. મોટાના મૌનમંદિરમાં, અંતરંગ સાધના માટે જતાં, દિવ્ય અનુભૂતિઓ પામતાં, પૂ. શ્રીના પુસ્તકો વાંચતા, ગુરુદેવને જ ભગવાન તરીકે માનતાં, ૧૯૮૦ માં દિવ્ય દીક્ષા પ્રાપ્ત થઇ. જીવન તદ્દન બદલાઇ ગયું.

૮. પૂ. યોગેશ્વરજીને ૧૯૮૯ માં ગંભીર બિમારી આવી. સેવા માટે નોકરી, ઘર, સંસાર છોડયો. છતાં તેમની વચ્ચે રહ્યાં, તપ્યાં, પ્રેમે વરસ્યાં, અને પાંગર્યાં. શાળાના સિમિત ક્ષેત્રમાંથી બહાર આવીને વિશ્વમાં વ્યાપ્યાં.

૯. ક્યારેક આખી રાત પદ્માસન પર બેસે, ૧૦૮ ઉપવાસ પાણી પર કરે, નિરંતર જપ કરે, સ્વયંતીર્થ સમા છતાંય દુર્ગમ તીર્થયાત્રા કરાવે. સાધારણતામાં અસાધારણતાનું વ્યક્તિત્વ છૂપાવી-ને વ્યવહાર કરે.



૧૦. શરીરને અકસ્માત થયો. પેઇન કીલર, એનેસ્થેસિયા, એન્ટિબાયોટિક્સ વિના હાડકાનું ઓપરેશન કરાવ્યું, પગમાં સળિયા ફિટ કરાવ્યા. બધું જ જાગૃતિમાં, હસતાં હસતાં અને પ્રભુની કૃપા પ્રસાદીને માણતાં માણતાં, ભક્તોને આ અવસ્થામાં સતસંગ કરાવતાં કરાવતાં શાંતિ આપી.

૧૧. 'પ્રકાશના પંથે' ૧૧૦૦ પાનાના દળદાર ગ્રંથને ૧૪ અધ્યાયમાં ગાઇ શકાય તેવા સ્વરૂપે 'ગુરુલીલામૃત'નું સર્જન માત્ર ૧૨ દિવસમાં કર્યું. ભજન સંગ્રહો રચ્યા, પૂ. માની રોજ-નીશી, ગુરુકથામૃત ભારત વર્ષમાં આધ્યાત્મિક શોધ અને સંશો-ધનનો વિશ્વગ્રંથ બનીને અનેક પ્રવાસીને પ્રેરણા આપશે.

'યોગજ્યોત ગૌરવ' પારિતોષિકનું વિતરણ પૂ. માના હસ્તે કરવામાં આવ્યું. પ્રત્યેક વિદ્યાર્થીને ચાંદીનો મેડલ (જેમાં પૂ. મા–પ્રભુનું સ્વરૂપ, પરીક્ષાનું નામસહિત), રોકડ રૂા. ૨૫૦૦/–શિષ્ય-પ્રવૃત્તિનું કવર, પ્રકાશના પંથે પુસ્તક, સરળગીતા, ગીતાજીના અધ્યાયની કેસેટ, પૂ. મા રચિત અર્ધ્ય–અંજલિ ભજન સંગ્રહ, આશીર્વાદ આપતું સ્વરૂપ, પૂ. માના પરિચયની હસ્તપ્રત, પ્રસાદ અને એક પાઉચ આપ્યાં. ૧૦ મા ધોરણના કુલ ૧૫ વિદ્યાર્થી ભાઇ–બહેનો, ૧૨ મા સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના કુલ ૨૪ વિદ્યાર્થીઓને આ ઇનામ–પારિતોષિકનો લાભ મળ્યો. પૂ. માએ સૌને ઊભા થઇને, સ્પર્શ કરીને આશીર્વાદ આપીને પારિતોષિક આપ્યાં.

શૈલેષ નામના વિદ્યાર્થીએ માતા–પિતાનું છત્ર ભૂકંપથી ગુમાવ્યું, પુનામાં સારવાર લીધી છતાં પણ દશમા ધોરણમાં સારા ટકા સાથે પાસ થયો. તેને પણ પૂ. માએ સન્માન્યો.

કુણાલ દોશી તો પાંચ દિવસ કાટમાળમાં દબાયેલો રહ્યો, જીવી ગયો. છતાં પણ ૭૯ ટકા સાથે પાસ થયો. તેને પણ તેની અનુપસ્થિતિમાં પૂ. માએ પારિતોષિક આપ્યો.

વ્યાસ કવિતા, વૈદ્ય વિધિ વગેરે વિદ્યાર્થીનીઓએ ઇનામ–વિતરણ અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે અમે વિશ્વવંદનીય, તપસ્વીની, મહાન વિભૂતિના વરદ હસ્તે મળેલ પારિતોષિકથી ધન્ય થયાં છીએ, અમે પણ મોટાં થઇને આવા પારિતોષિકના ઋણમાંથી મુક્ત થવા માટે સંકલ્પબદ્ધ છીએ.

શ્રી માણેકલાલભાઇ શાહ, શ્રી મકવાણા સાહેબ, ડૉ. અરુણાબેન ઠાકર, વગેરેએ પણ આ અંગે શાબ્દિક પ્રતિભાવો આપીને સમારંભની ગરિમા વધારી દીધી. શાળાનાં શિક્ષિકાબેન શ્રી રશ્મિબેને આગવી શૈલીમાં આભાર વ્યક્ત કરીને સૌને અનુભવ કરાવ્યો કે જાણે પોતે પૂ. માના પરિચયમાં વર્ષોથી ન હોય!

પૂ. માએ અંતમાં પારિતોષિક વિજેતાને લિખિત આશીર્વચન આપ્યાં જેનું શ્રી રાજુભાઇ જાનીએ વાંચન કર્યું. પૂ. માના આશીર્વચન આ હતા. 'આજે જેમણે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી એવોર્ડનો પ્રસાદ સ્વીકાર્યો છે, તેમનો ટ્રસ્ટ આભાર માને છે.

તમે સૌએ અહીં પધારી અમારી શુભ ભાવનાનો સ્વીકાર કર્યો માટે ફરી ફરી આભાર.

આમ સૌને તથા કચ્છના વિદ્યાર્થી જગતને અમારી નમ્ર પ્રાર્થના છે કે આપ જો તેજસ્વી બનીને ઝળહળતા રહેશો તો સર્વમંગલ ટ્રસ્ટ સેવામાં હાજર રહેશે.

આપના આગળ અભ્યાસ માટે અમને યાદ કરીને પ્રસાદની ઇચ્છા કરશો તો અમને ખૂબ ખૂબ આનંદ થશે.



સૌનું સર્વપ્રકારે મંગલ થાઓ,<br>
સૌનું સર્વપ્રકારે કલ્યાણ થાઓ.<br>
ૐ યોગેશ્વરાય નમઃ'

આ દિવ્ય આશીર્વચનથી પુલકિત થઇને સૌ છૂટા પડયાં અને એવોર્ડ પ્રાપ્ત થયેલ વિદ્યાર્થીઓને પૂ. માએ વિશેષ દર્શન આપ્યું. અને વ્યક્તિગત રીતે વાતચીત કરી પ્રોત્સાહિત કર્યાં.

'આપ આપે તો હમ બરસે' એવું કરીને સુરત, વડોદરા, ભાવનગર, મુંબઇ, મોરબી, રાજકોટ, ન્યુજર્સિથી આવેલ સાધકોને પણ પ્રોત્સાહિત કર્યા. શ્રી પ્રાણજીવનભાઇ ઠક્કર તથા અન્ય પ્રેમીભાઇઓએ ભોજનની પણ વ્યવસ્થા કરી. સૌનો ટ્રસ્ટે આભાર માન્યો.


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ<br>
તેમ જ<br>
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭<br>
ફોન : ૨૨૮૨૩૧

યોગજ્યોત ગૌરવ પારિતોષિક પ્રાપ્ત કરનારા

# વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓનાં નામ

## ઉત્તર માધ્યમિક વિભાગ (વિજ્ઞાનપ્રવાહ) એપ્રિલ–મે ૨૦૦૧

| બોર્ડ ક્રમાંક | નામ | મેળવેલ ગુણ તથા પ્રતિશત |
|---|---|---|
| ૧ | શાહ અભિષેક કીર્તિભાઇ | ૫૭૧/૬૫૦ ૮૭.૮૫ |
| ૧ | વૈદ્ય ધ્વીપ જગદીપ | ૫૭૧/૬૫૦ ૮૭.૮૫ |
| ૨ | વિશાલ ધીરજલાલ ઠાકર | ૫૬૮/૬૫૦ ૮૭.૩૮ |
| ૩ | સહરાન અંકેશ હેતરામ | ૫૬૬/૬૫૦ ૮૭.૦૮ |
| ૩ | શાહ સોહમ હર્નીશ | ૫૬૬/૬૫૦ ૮૭.૦૮ |
| ૪ | સેવક મેહુલકુમાર પ્રેમજીભાઇ | ૫૬૫/૬૫૦ ૮૬.૯૨ |
| ૫ | પ્રજાપતિ નિખિલ જયંતીલાલ | ૫૬૩/૬૫૦ ૮૬.૯૨ |
| ૬ | મહેતા અભિષેક ભરતકુમાર | ૫૬૨/૬૫૦ ૮૬.૪૬ |
| ૭ | શાહ પ્રાચી ધનંજયભાઇ | ૫૫૯/૬૫૦ ૮૬.૦૦ |
| ૮ | આઠા રવિશ નવીનચંદ્ર | ૫૫૭/૬૫૦ ૮૫.૬૯ |
| ૮ | વ્યાસ કવિતા મનસુખભાઇ | ૫૫૭/૬૫૦ ૮૫.૬૯ |
| ૯ | બેલિમ, તબસ્સુમ કે. | ૫૫૬/૬૫૦ ૮૫.૫૪ |
| ૧૦ | વેરાત પ્રભુભાઇ લીરાભાઇ | ૫૫૦/૬૫૦ ૮૪.૬૨ |



## ઉત્તર માધ્યમિક વિભાગ (સામાન્યપ્રવાહ) એપ્રિલ–મે ૨૦૦૧

| બોર્ડ ક્રમાંક | નામ | મેળવેલ ગુણ તથા પ્રતિશત |
|---|---|---|
| ૧ | જૈન દીપાલી દીલીપ | ૫૧૭/૭૦૦ ૮૬.૧૭ |
| ૨ | ઝેટા ધવલકુમાર રમેશચંદ્ર | ૫૧૪/૭૦૦ ૮૫.૬૭ |
| ૩ | ચતવાણી સીમા સતીષ | ૫૧૦/૭૦૦ ૮૫.૦૦ |
| ૪ | સ્વાદીયા શ્વેતા સુનિલકુમાર | ૫૦૮/૭૦૦ ૮૪.૬૭ |
| ૪ | કાનુન્ગો સ્મિતા લેખરાજ | ૫૦૮/૭૦૦ ૮૪.૬૭ |
| ૫ | ગોર દીપાલી જયંતીલાલ | ૫૦૬/૭૦૦ ૮૪.૩૩ |
| ૬ | મોરબીયા અમી અરવિંદકુમાર | ૫૦૫/૭૦૦ ૮૪.૧૭ |
| ૭ | ચાંદનાની ભારતી અશોકભાઇ | ૫૦૪/૭૦૦ ૮૪.૦૦ |
| ૮ | મુલચંદાણી નિલમ મોહનદાસ | ૫૦૦/૭૦૦ ૮૩.૩૩ |
| ૯ | પાર્યાણી ભાવના પ્રેમકુમાર | ૪૯૯/૭૦૦ ૮૩.૧૭ |
| ૯ | સોલંકી નારણભાઇ શંભુભાઇ | ૪૯૯/૭૦૦ ૮૩.૧૭ |
| ૧૦ | આસનાની દિપ્તી મનોહર | ૪૯૮/૭૦૦ ૮૩.૦૦ |

## એસ. એસ. સી. પરીક્ષા એપ્રિલ–મે ૨૦૦૧

| | | |
|---|---|---|
| ૧ | છાંયા પ્રાંજલી સુનીલ | ૬૬૨/૭૦૦ ૯૪.૫૭ |
| ૧ | ગણાત્રા સંજયકુમાર ઈશ્વરલાલ | ૬૬૨/૭૦૦ ૯૪.૫૭ |
| ૨ | પોદાર પૂજા મહેશભાઇ | ૬૬૧/૭૦૦ ૯૪.૪૩ |
| ૩ | પટેલ પૂજા મહાદેવ | ૬૫૭/૭૦૦ ૯૩.૮૬ |

| બોર્ડ ક્રમાંક | નામ | મેળવેલ ગુણ તથા પ્રતિશત્ |
|---|---|---|
| ૩ | પુજારા મયૂર અમૃતલાલ | ૬૫૭/૭૦૦ ૯૩.૮૬ |
| ૪ | ખત્રી મહમંદ સાલેમ અબ્દુલ કાદર | ૬૫૬/૭૦૦ ૯૩.૮૧ |
| ૫ | પલાણ મીત ચંદ્રકાન્ત | ૬૫૩/૭૦૦ ૯૩.૨૯ |
| ૬ | .શાહ લોપા મહેશ | ૬૫૨/૭૦૦ ૯૩.૧૪ |
| ૭ | મયાત્રા પ્રવીણ નારાયણ | ૬૫૦/૭૦૦ ૯૨.૮૬ |
| ૭ | મહેતા શ્રુતી અરવિંદભાઇ | ૬૫૦/૭૦૦ ૯૨.૮૬ |
| ૮ | સિંહ નમૃતાદેવી ઉમાશંકર | ૬૪૯/૭૦૦ ૯૨.૭૧ |
| ૯ | વૈદ્ય નિતી જગદીપભાઇ | ૬૪૮/૭૦૦ ૯૨.૫૭ |
| ૯ | આહીર રવીકુમાર ચમનલાલ | ૬૪૮/૭૦૦ ૯૨.૫૭ |
| ૯ | અસ્વથી ગોપીનાથ | ૬૪૮/૭૦૦ ૯૨.૫૭ |
| ૧૦ | બસંલ પારૂલ ઉત્તમચંદ | ૬૪૫/૭૦૦ ૯૨.૧૪ |

### બે વિશિષ્ટ એવોર્ડ્ઝ

(૧) કુણાલ એમ. દોષીઃ—પાંચ દિવસ કાટમાળ નીચે દબાયેલા રહી છઠ્ઠા દિવસે બહાર નીકળી શક્યો. ઈજાગ્રસ્ત થયા છતાં પરીક્ષા આપી ૭૯% ટકા માર્ક્સ એસ. એસ. સી. પરીક્ષામાં મેળવ્યાં.

(૨) શૈલેષ યોમલઃ—પરિવારનાં તમામ સ્વજનો, માતા—પિતા, ભાઈબહેન વગેરે ભૂકંપમાં ગુમાવી દીધા છતાં, હિંમતથી પરીક્ષા આપી ૮૦% માર્ક્સ મેળવી સ્વજનોને શ્રદ્ધાંજલિ આપી.



# કચ્છના કૌવતની કદર

સંજય પંડયા

કવિ શ્રી દલપતરામની કવિતાની પંક્તિઓ છે.

"પોલુ છે ને વાગે તેમાં તે શી નવાઈ છે?
સાંબેલું વગાડે તો જાણું કે તું શાણો છે."

આ કહેવત પહેલી જુલાઈ ૨૦૦૧ ના રોજ ખમીરવંત કચ્છ ધરા પર પ. પૂ. શ્રી સર્વેશ્વરીમાની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલા એક સાદગીભર્યા છતાં અત્યંત તાજગીભર્યા અભૂતપૂર્વ સમારંભ-ના સંદર્ભે યાદ આવી ગઈ.

તા. ૨૬ જાન્યુઆરી સમય સવારનાં ૯—૦૦ ની આસપાસની ક્ષણોમાં આવેલી અણધારી ભૂકંપરૂપી કુદરતી આફતે, ધરતીનાં અંતઃસ્થલનાં તો કેટલાય પ્રવાહો પલટી જ નાંખ્યા. સાથો—સાથ ધરતીની ઓથે જીવતાં સેંકડો—હજારો માનવીઓનાં કલકલ ઝરણાં જેવા જીવનના પ્રવાહો પણ પલટી નાંખ્યા. એકી ઝાટકે કચ્છ તથા સૌરાષ્ટ્રનાં અમુક ભુ—ભાગ પરનાં રહેવાસી પર અનેક દુઃખદ સ્મૃતિઓની વર્ષા વરસી ગઈ. સ્વપ્નાંઓ કાટમાળના ઢગલામાં રુપાંતરિત થઈ ગયાં ને મરક મરક હસતાં મુખડાંઓ વાણી વિહીન થઈને સ્તબ્ધ બની ગયાં. પરંતુ ઈશ્વરની અત્યંત લાડકી રચના એવી માણસ જાતે આવા કપરા સંજોગોમાં પણ પોતાની ઈશ્વરદત્ત જીજીવીષા અને વીજીવીષા વૃત્તિથી અકલ્પનીય માનવતા અને ખમીરનો એવો તો પરચો બતાવ્યો કે એમાંથી ઉદ્‌ભવનારા પ્રેરક પ્રસંગો સદીઓસુધી માનવ અને માનવતા માટે દીવાદાંડી

સમ બની રહેશે. મહા નૃત્ય સમી. સ્વજનોને હમેશ માટે દૂર કરનારી અતિ વિકટ પરિસ્થિતિની સામે રણહાંક જગાવીને વિષમતાઓનાં વમળ વચ્ચે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારા તારલાઓ જાણે પ્રેરણાના સ્રોત બની ગયા. પ. પૂ. મા આવા જ તારલાઓને હેતથી નવડાવવા અને હૂંફથી એમનાં મસ્તકે વરદ હસ્ત ધરવા પહેલી જુલાઈએ ભૂજની માતૃછાયા કન્યાશાળાના મુખ્ય હોલમાં પહોંચી ગયા.

પ. પૂ. મા સર્વેશ્વરીનું જીવન અને કવન અત્યંત ખુમારીભર્યું છે. માનવતાના હિમાલયજેવું એમનું પાવન વ્યક્તિત્વ માત્ર ગુજરાત કે ભારતની જ નહીં, પણ સમગ્ર વિશ્વની મહામૂલી મૂડી છે. તેઓશ્રી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, પડી ગયેલા. બેસી ગયેલા માનવને ઊભા કરવા હંમેશાં પ્રયત્નશીલ રહેતાં હોય છે. પ. પૂ. માને જ્યારે જ્યારે પણ "સામે પ્રવાહે" તરીને સફળતા હાંસલ કરનારા નરવીરોની ભાળ મળે છે, ત્યારે ત્યારે તેઓએ તારલા-ઓને મળવા અને પ્રોત્સાહિત કરવા આતુર થઈ ઊઠે છે. ત્યારે એવું લાગે છે કે માતા જંગમાં જીત હાંસલ કરીને આવનારા યોદ્ધાઓનું વીર પૂજન કરવા થનગની રહી છે.

આજની શૈક્ષણિક પ્રણાલિ મુજબ એસ. એસ. સી. (ધોરણ ૧૦) અને એચ. એસ. સી. (ધોરણ ૧૨) નાં વર્ષો કારકીર્દિનાં ઘડતર માટે અત્યંત મહત્ત્વનાં ગણાય છે. આ વર્ષોમાં જો વ્યવ-સ્થિત રીતે અને ખંતથી "વાવ્યું" હોય તો આખી જીંદગી-"લણવા"ની ખૂબ જ મજા પડે છે, અને એટલે જ જે જે વિદ્યાર્થી એસ. એસ. સી. કે એચ. એસ. સી.ના વર્ષમાં અભ્યાસ કરતો હોય તેનાં ઘરમાં પણ "ગંભીરતા" છવાય જાય છે. આવા વિદ્યાર્થીને વધારેમાં વધારે મોકળાશ અને હળવાશ આપવામાં



આવે છે જેથી તે ઉચ્ચ ગુણવત્તા પ્રાપ્ત કરી કારકીર્દિનું યોગ્ય ઘડતર કરી શકે, મા-બાપો પેટે પાટા બાંધીને પોતાના સંતાનો માટે આ વર્ષોમાં ટ્યુશન, પુસ્તકો અને જરૂરી અભ્યાસ સામગ્રી માટે તમામ વ્યવસ્થા કરે છે. આવી પરિસ્થિતિ પ્રવર્તતી હોય તે સમયે કુદરતની ભૂકંપરૂપી થપાટ પડે અને હૈયાની હૂંફથી પોતાને સાચવનાર મા કે બાપ કે એકાદ સ્વજન અવસાન પામે તો? વાંચન-મનન-મંથનનાં મંદિરજેવું પોતાનું ઘર માત્ર કાટમાળનો ઢગલો જ રહે તો? પાઠ્યપુસ્તકો અને આખા વર્ષની મહેનતથી તૈયાર કરેલ અનેક ઉપયોગી નોંધો નામશેષ થઈ જાય તો? આજુબાજુના વાતાવરણમાં શાંતિ નહીં પણ માત્ર ક્રંદન જ સંભળાતું હોય તો? અને આ બધું એસ. એસ. સી. તથા એચ. એસ. સી.ની પરીક્ષા આડેના ગણ્યાગાંઠ્યા દિવસો અગાઉ જ થયું હોય તો? એસ. એસ. સી. કે એચ. એસ. સી.ના વિદ્યાર્થીઓ પર આની અસર કેવી પડે? કારકીર્દિની ઈમારતોનો પાયો મજબૂત રીતે નંખાઈ શકે ખરો? અને છતાં પાંચ દિવસ સુધી કાટમાળમાં દબાઈ રહેલો એચ. એસ. સી.નો વિદ્યાર્થી ડીસ્ટીંક્શન લાવે છે. માતા-પિતાને ધરતીકંપે છીનવી લીધાં તોપણ માતા- પિતાનું સ્વપ્નું સાકાર કરવા જાણે હામ ટકાવી રાખીને ૮૦% ઉપરાંતના ગુણો લાવીને તે બહેન દુઃખમિશ્રિત હર્ષના આંસુઓ સાથે મૂંગી મૂંગી વિચારે છે કે "ધરતીકંપ ન આવ્યો હોત તો હજુય કેટલું સારું પરિણામ લાવી શકત?"

ખરેખર આ બધાં પ્રસંગો જોઈને એમ જ થાય છે કે આ બધાં નાનકડા દેખાતા વિદ્યાર્થીઓએ મોટાઓનેય પ્રેરણા આપે તેવું કામ કર્યું છે.

આ કહાણી છે. કચ્છનાં એવા ૪૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોની કે જેઓ વ્યથિત કરી દેનારો વખત હોવા છતાં કચ્છનાં એસ.

એસ. સી. તથા એચ. એસ. સી.ના ટોપ–ટેન બની શક્યા છે તથા નોંધપાત્ર ગુણાંક લાવી શક્યા છે. કચ્છડાની કૌવતને પ્રદર્શિત કરતા આ વિદ્યાર્થીઓને સન્માનવા કહો કે પ્રોત્સાહન આપવા કહો કે એના માથાપર શીળો વરદ હસ્ત ફેરવવા, અરે, કહો કે વીર પૂજન કરવા પ. પૂ. મા ૧ લી જુલાઇએ ભૂજની માતૃછાયા કન્યા વિદ્યામંદિરમાં પધાર્યાં છે. જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી તથા વિદ્યાલયના કર્મઠ વડીલ શ્રી તથા એવા જ સજ્જન આગેવાનો, ગુરુજનો અને કપૂરા, વડોદરા, અમદાવાદ, રાજકોટ, સૂરત, મોરબી, મુંબઇ, ભાવનગર તથા અન્ય સ્થળોથી આવનારા પ. પૂ. માના બાળકોની મંડળીથી આખો સભાખંડ ખીચોખીચ ભરાય ગયો છે. પ્રાર્થના, અવનવા સાત્ત્વિક મનોરંજક કાર્યક્રમો પ્રેરક ઉદ્‌બોધનો થઇ રહ્યાં છે. તાળીઓના ગડગડાટ થઇ રહ્યા છે અને પ. પૂ. મા મરક–મરક હાસ્ય કરીને સમગ્ર સભાખંડમાં મા પોતાની અમી નજર ફેરવી રહ્યાં છે.

કાર્યક્રમના સંચાલક હવે કાર્યક્રમનાં મૂળ ભાગની શરૂઆત કરે છે. એક પછી એક વિદ્યાર્થી ભાઇ–બેનો પ. પૂ. માના આશીર્વાદ પ્રાપ્ત કરીને પોતાનું પારીતોષિક સ્વીકારતા જાય છે. અને સાથે–સાથે મુખ્ય મહેમાનો પાસેથી પણ ક્રમબદ્ધ રીતે ભેટ સોગાદો મેળવતા જાય છે. પોતાના લાડકવાયાઓનાં આવા સુંદર સન્માન જોઇને વાલીઓની છાતી ફૂલી સમાતી નથી. તેમનો અંતરાત્મા કહી રહ્યો છે કે "તમે તો અમને ઉજળા કરી દેખાડયા."

આ તમામ વિદ્યાર્થીઓનાં પરાક્રમો, મુશ્કેલીઓ, પ્રશ્નો તથા મહત્ત્વાકાંક્ષા વિશે જાણવાની પ. પૂ. માની ઇચ્છા છે તેથી પ. પૂ. મા જાહેર કરે છે કે તેઓ એકલાં જ આ તમામ વિરલાઓ સાથે વાત કરવા માંગે છે. અને એક અલૌકિક દૃશ્ય ઊભુ થાય છે.



જેમાં એક સહેલીની જેમ, એક અત્યંત નિકટનાં સ્વજનની જેમ વિદ્યાર્થીઓ સાથે એમની વયના થઇને પ. પૂ. મા એમને પ્રેરણા પૂરી પાડી રહ્યાં છે. ભલે, વાણીથી મૌન છે. છતાં કલમથી એમને બાળકો સાથે સંવાદ સાધતાં જરાય તકલીફ પડતી નથી. તેઓશ્રી-નું વર્તન એટલું સહજ હોય છે કે સામેની વ્યક્તિ ગમે એવડી ઉંમરની હોય તોપણ તે સહજ રીતે નિર્ભય બનીને મા સાથે વાતચીત કરે છે. પ. પૂ. મા બધા બાળકોને સાંભળીને છેલ્લે જાહેર કરે છે કે "તમે બધા અમને યાદ કરતાં રહેજો અને સેવાની તક આપતાં રહેજો." માત્ર આટલા જ શબ્દોમાં ઘણું બધું કહી દીધું એવી અનુભૂતિ કરનારી વિદ્યાર્થીઓને એ વાતનું આશ્ચર્ય છે કે સામેથી ઘેર આવીને આપણી પર વરસી પડનાર આ મા આપણ-ને મોડાં કેમ મળ્યાં?

એવો સૂર સંભળાય છે કે ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં વિદ્યાર્થી-ઓનું નિઃસ્વાર્થભાવે, સર્વાંગી દૃષ્ટિથી આ પ્રકારે સન્માન કરવામાં પ. પૂ. યોગેશ્વરજી સંસ્થાપિત અને પ. પૂ. મા સર્વેશ્વરી પ્રેરીત સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટે પહેલ કરી છે. એનાથી વિદ્યાર્થીઓની સાથે સાથે એમનાં વાલીઓનું નૈતિક બળ પણ ઊંચું થયું છે અને સમાજમાં એક પ્રેરક ઉદાહરણ પૂરું પડાયું છે.

સાંબેલું વગાડનાર આ વિદ્યાર્થીઓ મનોમન કહી રહ્યા છે કે આજે તો અમને શ્રેષ્ઠતમ પારિતોષિક મળ્યું છે. "પ. પૂ. મા સાથે-ની સ્નેહગાંઠનું અને એમનાં પાવન પ્રેરક વ્યક્તિત્ત્વની ઝલકનું" અને પ. પૂ. માનું મુખડું મરક–મરક થઇ રહ્યું છે અને એમની આંખ અત્યંત ઉજાસવાળું ભવિષ્ય જોઇ રહી છે.

॥ ૐ ॥

## શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ-વડોદરા.

**સત્સંગ** : દર રવિવારે સાંજે ૬:૦૦ થી ૯:૦૦ નિત્ય સત્સંગ ચાલે છે.

**વેચાણ** : પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તથા પ. પૂ. મા સર્વેશ્વરી દેવીના પુસ્તકો, શિવમહિમ્ન સ્તોત્ર, સરળગીતા, વિષ્ણુ સહસ્ત્રનામ વિ. જેવા પુસ્તકો,સ્વરૂપો અને કેસેટોનું વેચાણ અહીં કરવામાં આવેછે.

**લાયબ્રેરી** : પ. પૂ. મા પ્રભુનાં પુસ્તકો અને કેસેટોની લાયબ્રેરી અહી ઉપલબ્ધ છે.

**લવાજમ** : અધ્યાત્મ માસિકનું વાર્ષિક તેમજ આ જીવન લવાજમ અહીં સ્વીકારાય છે.

**જાહેરાત** : જો તમારે અધ્યાત્મ માસિકમાં જાહેરાત આપવી હોય તો અહીયા સ્વીકારાશે.

★ સ્થળ ★

### શ્રી વિજયભાઇ પંડિતજી.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે,
વડોદરા-૩૯૦ ૦૧૭.
ફોન નંબર : ૦૨૬૫-૪૩૬૨૧૬
ફેક્સ નંબર : ૦૨૬૫-૪૩૫૩૭૧


॥ ૐ ॥

## મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વલ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે,કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ **તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.**

★ **અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.**

### શ્રી વિજયભાઇ પંડિતજી

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)

પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

**ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.**

**ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧**

EMAIL : pandat@indya.com

**સમય : દરરોજ સાંજે ૪થીટ રવિવારે રજા.**

● હૃદયરોગો (હાર્ટએટેક, હાઈબ્લડપ્રેશર, બાયપાસ સર્જરી પહેલાં/પછી), ડાયાબિટીશ, દમ-અસ્થમા, જુની શરદી, કમરનો દુખાવો, વા, આધાશીશી(માયગ્રેન), વજન વધારે હોવું, ડીપ્રેશન, એસીડીટી, કબજીયાત, અલ્સર જેવા રોગોમાંથી મુક્તિ મેળવવા માટે યોગની તાલીમ જરૂરી છે, એવું આધુનિક વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે. એ માટે....

- અઠવાડિયામાં ત્રણ દિવસનાં યોગ વર્ગ
- દર શનિ/રવિવારે ફક્ત એક જ દિવસનો મેડીકલ કેમ્પ
- Personal, Couple, Family, Teenage Counselling

● STRESS MANAGEMENT નું આયોજન અને સંચાલન.
● ધો.૧૦, ૧૧, ૧૨નાં વિદ્યાથીઓને સ્પેશ્યલ ટ્રેઈનીંગ
● ૬ થી ૧૫ વર્ષનાં બાળકો માટે દર રવિવારે યોગના ક્લાસ.
● યોગ અંગે વાર્તાલાપ-પ્રવચન-વ્યાખ્યાનમાળાનું આયોજન.
● Pregnancy (ગર્ભાવસ્થા)માં યોગની તાલીમ.
● Advanced Course (અઠવાડિયામાં ત્રણ દિવસ)

**આપની સોસાયટી, એપાર્ટમેન્ટ, ગામ, શહેર, દેશ-પરદેશમાં ઉપરોક્ત કોઈપણ પ્રોગ્રામનાં આયોજન માટે સંપર્ક કરો**

યોગકૈવલ્યમ

સ્થાપના : ૧૯૯૩

યોગ એન્ડ ટોટલ હેલ્થ રીસર્ચ સેન્ટર

**● ડૉ. હિમાંશુ પાઠક ● શ્રીમતી હેમીના પાઠક ● શ્રીમતી મીરા દેસાઈ**

સરદારપુલ પાસે, વિશાલનગરની બાજુમાં, ક્રાઉન રેસ્ટોરન્ટની ગલી,
પાણીની ટાંકી પાછળ, ભુલકા ભવન સ્કુલ નજીક, અડાજણ રોડ, સુરત.
ફોન : ૨૯૯૫૫૩૮ ૨૯૩૫૧૧૮ (રહે.) ૨૭૭૯૨૮૩ (મોબાઈલ) ૯૮૨૪૦ ૪૩૦૩૩
E-mail: modernyogee@hotmail.com
Visit us at: www.yogkaivalyam.com



# ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ

સરદાર પટેલ વાડી પાસે, સંસ્થા વસાહત, રાવપુરા,
વડોદરા–૩૯૦૦૦૧ ફોન : ૪૨૨૯૧૬

**૫૨ મી શિષ્ટવાચન પરીક્ષા–મહાત્મા યોગેશ્વરજી**

વિદ્યાર્થીઓ, યુવકો અને વડીલ ભાઈ–બહેનો,

આપ સૌ માટે ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ તરફથી દર વર્ષ શિષ્ટવાચન પરીક્ષાઓ યોજવામાં આવે છે.

જીવન ચરિત્રો, દૃષ્ટાંત કથાઓ અને બોધ કથાઓની લેવાતી આ પરીક્ષાઓ સમાજને સતત પ્રેરણા આપતી રહી જાગૃત રાખે છે. પૃથ્વી પર દેશોમાં સંતપુરુષોએ સમાજને પોતાના જીવનદ્વારા પ્રેરણા અને માર્ગદર્શન આપી સાચો રાહ ચીંધ્યો છે. યોગેશ્વરજીની હિમાલયની તપસ્યા, સાહિત્ય સર્જન અને આમજનતાની સેવાનો પરિચય મળશે.

૫૨ મી શિષ્ટવાચન પરીક્ષાના આ પુસ્તકમાંથી સૌના જીવન-માં ઉચ્ચ આદર્શો સહજ અને સરલ રીતે પ્રગટાવે તે ઉદ્દેશથી શુભેચ્છા સાથે "મહાત્મા યોગેશ્વરજી" આ પ્રેરણાદાયી પુસ્તકમાંથી જીવનોપયોગી બોધ પ્રાપ્ત થશે, તે ઉદ્દેશથી "મહાત્મા યોગેશ્વર" પુસ્તક પરીક્ષા માટે પસંદ કર્યું છે.

૧. પચ્ચીસથી વધુ પરીક્ષાર્થીઓ હશે તો તે ગામને કે શાળાને પરીક્ષાનું કેન્દ્ર મળશે ત્યાં જ પરીક્ષા લેવાશે.

૨. પ્રશ્નપત્રો અહીંથી મળશે, ઉત્તરવહીની વ્યવસ્થા જે તે કેન્દ્રોએ કે પરીક્ષાર્થીઓએ કરવાની રહેશે.

૩. પરીક્ષા ફી રૂા. ૫–૦૦ છે. જેમાંથી વ્યવસ્થા ખર્ચ પેટે રૂા. ૧–૦૦ કેન્દ્રપર રાખી રૂા. ૪–૦૦ પ્રમાણે અત્રે મોકલવાનો રહેશે.

૪. પુસ્તકની કિંમતે રૂા. ૧૦–૦૦ જેવી થાય પરંતુ "શ્રી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટની ઉદારતાથી" પરીક્ષાર્થીઓ માટે રૂા. ૫–૦૦ રાખેલ છે. પોસ્ટથી મંગાવનારે રૂા. ૭–૦૦ પ્રમાણે મોકલવાના રહેશે.

૫. બુક લગભગ ૧૪૪ પેજની સારા કાગળમાં સુંદર છપાઇ-માં છે. છતાં વધુમાં વધુ લાભ લઇ શકે તે માટે કિંમત ખૂબ જ સસ્તી રાખી છે.

૬. મનીઓર્ડરથી રકમ મોકલનારે પરીક્ષા ફી અને પુસ્તકની રકમની વિગત મ.ઓ.સ્લીપમાં અલગ અલગ બતાવવી જરૂરી છે.

૭. જરૂરી સંખ્યામાં પુસ્તકો વહેલી તકે મંગાવી લેવાં. પુસ્તક ન મળવાના કારણે પરીક્ષા ફી પરત આપી શકાશે નહીં. આ પુસ્તકની કદાચ વધુ પ્રમાણમાં માંગ થાય તેવું લાગે છે. તો વહેલી તકે મેળવી લેશો.

૮. આ પરીક્ષા શિષ્ટવાચન અને જીવન ઘડતર માટે પ્રેરણાત્મક હોઇ અગાઉના પરીક્ષાર્થીઓ પણ નવી પ્રેરણાઓ મેળવી શકે તે માટે આ પરીક્ષામાં બેસી શકે છે. યોગેશ્વરજી સંત સાહિત્યકાર પણ હતા.

૯. પરીક્ષામાં સફળ થનાર દરેકને પ્રમાણપત્ર આપવામાં આવશે. જે જિલ્લામાંથી વધુ સંખ્યા થશે તેને રાજ્યનો ફરતો શિલ્ડ અપાશે. વધુ પરીક્ષાર્થીઓ બેસાડનાર કેન્દ્રને ચંદ્રક અપાશે. અને પ્રથમ પાંચ વિદ્યાર્થીને ઇનામ અપાશે.



૧૦. જે ત્રણ કેન્દ્ર વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસાડશે તેના સંચાલકને રૂા. ૫૦૧/૩૦૧/૨૦૧ અપાશે. ગઇ વખતે વધુ પરીક્ષાર્થીઓ વિદ્યાર્થી સહાયક ભરૂચ–ઉમલ્લા કેન્દ્રે બેસાડયા હતા.

૧૧. ૫૨ મી શિષ્ટવાચન પરીક્ષા તા. ૨૨–૯–૨૦૦૧ જે તે કેન્દ્ર પર લેવાશે (તમારા કેન્દ્ર પર).

૧૨. પરીક્ષાર્થીઓની નીચે મુજબની યાદીની ત્રણ નકલો તથા ફીની રકમ મોડામાં મોડી તા. ૩૧–૮–૨૦૦૧ સુધીમાં મોકલી આપશો. પુસ્તકો તુરત જ મેળવી લેશો જેથી પાછળથી મળે નહિ તેવું બને.

૧૩. આંગડીયાની સેવા ઉપલબ્ધ હોય તો તેમનું સરનામું તથા આશરે ત્યાંના પીનકોડ નંબર અવશ્ય જણાવશો.

૧૪. કેન્દ્રે મોકલવાની યાદી.

શિષ્ટવાચન પરીક્ષા માટે નીચેની વિગતો અને કોલમો પ્રમાણે ૩ નકલમાં યાદી બનાવવી જરૂરી છે.

| અ.નં. નંબર | પરીક્ષાર્થીનું નામ | ઉંમર | અભ્યાસ | પરીક્ષાર્થીનો બેઠક નંબર | મેળવેલ ગુણ | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

અનુક્રમ નંબર ૫ અને ૬ ના કોલમ ટ્રસ્ટને ભરવા ખાલી રાખશો બાકીના ૧ થી ૪ કોલમ સ્થાનિક કેન્દ્રે ભરીને મોકલવાં.

૧૫. પુસ્તકો ગુજરાત પુ. સ. સ. મંડળ લિ. ની નીચેની શાખાઓમાંથી પણ મળશે.

આપના તથા આપની સંસ્થાના પસંદગીના અન્ય પુસ્તકો ખરીદવાનું એક માત્ર પુસ્તકાલયોનું સહકારી સ્થળ.

(૧) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા–૩૯૦૦૦૧. ફોન. : ૪૨૨૯૧૬.

(૨) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. સરદાર શોપીંગ સેન્ટર, રાજમહેલ રોડ, મહેસાણા, (ઉ. ગુ.) ફોન : ૫૨૪૨૬.

(૩) ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. જુમ્મા મસ્જિદ સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૫૩૮૧૪૮૦.

આ પત્રિકા આપશ્રીને આજુબાજુની રસ ધરાવતી વ્યક્તિઓ કે સંસ્થાઓને પહોંચાડવા વિનંતી છે. હાઈસ્કૂલ/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ખાસ પહોંચાડશો.

આપનો,
અંબુભાઈ ડી. પટેલ તથા ચંપકસિંહ રા. ગોહિલ.
પ્રમુખ ઉપપ્રમુખ

ભોજન ભજનનું સાધન માત્ર છે. એટલે ભૂખ સતાવે નહિ, ભજનમાં વિક્ષેપ ન કરે એટલું જ સાધકે ભોજન કરવું જોઈએ.

શ્રીમદ્ ભાગવત

દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૧.



# અધ્યાત્મનો અર્ક

યોગેશ્વરજી

**પ્રશ્ન** : ભગવાન શંકરનું દર્શન થઈ શકે ખરું?

**ઉત્તર** : જરૂર થઈ શકે. તેમાં કોઈ જાતના સંદેહને સ્થાન જ નથી.

**પ્રશ્ન** : શું કરવાથી થઈ શકે?

**ઉત્તર** : આ માટે મુખ્યત્વે બે વસ્તુ કરવાની જરૂર છે. એક તો તમારી અંદર જે અમંગલ તત્ત્વો કે અવગુણો છે, તેને કાઢી નાંખીને મંગલ તત્ત્વો એટલે સદ્‌ગુણોની પ્રતિષ્ઠા કરો. અસત્યને બદલે સત્ય, દ્વેષને બદલે પ્રેમ, ચંચલતાને બદલે સ્થિરતા, ને ધીરજ તેમ જ વિષયપરતાને બદલે વિષયોની નિર્લેપતાને કેળવો. દુર્વિચારને સ્થાને સુવિચાર ને સદ્‌ભાવનાની સ્થાપના કરો ને સંકુચિતતાનો ત્યાગ કરી હૃદય તેમ જ બુદ્ધિને બનતી વિશાળ બનાવો. ટૂંકમાં શાસ્ત્રોએ જેને દૈવી સંપત્તિ કહી છે તે મેળવીને તમારા જીવનને શિવસ્વરૂપ કે કલ્યાણકારક બનાવો.

આની સાથે સાથે બીજી મહત્ત્વની વાત પાર્વતી બનવાની છે. આનો અર્થ એમ નથી કે તમારે સ્ત્રી બની જવું પડશે. કહેવાનો ભાવાર્થ એ જ છે કે જેમ પાર્વતીએ હિમાલયને ત્યાં જન્મ લઈ શંકરને પ્રાપ્ત કરવાનો મક્કમ નિરધાર કર્યો હતો, તેમ તમે પણ આ સંસારમાં જન્મીને વિવેકના પ્રદેશમાં જાગો ત્યારથી જ શિવસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ માટે સંકલ્પ કરી લો.

પાર્વતીજીની જેમ મનોમન શિવને જ વરી લો. આ પછી

પાર્વતીએ જેમ શિવને પ્રસન્ન કરવા કઠોર તપ કર્યું, રાતદિવસ તનમનને એકાગ્ર કરીને શિવને પ્રાર્થવા માંડયું, તેમ તમે પણ પ્રભુનું સ્મરણ કરતાં તેને માટે પ્રાર્થતાં તપ કરો. પાર્વતીજી જેવાં કષ્ટો તમારે સહેવાનાં નથી, પણ તેમની જેમ એક મનથી શંકરની આરાધનામાં જ લાગી જવાનું છે. તમારું મન સંસારના બધા જ પદાર્થોમાંથી હઠીને કેવલ શિવમાં લાગવું જોઈએ.

તમારી રગેરગમાં 'શિવ શિવ'નો અખંડ ધ્વનિ ચાલવો જોઈએ ને શંકરની જ ભાવનામાં જ તમારે લીન બનવું જોઈએ. સંસારના ભોગવૈભવને ને વિનાશી પદાર્થોને—અને ઉમાની જેમ સામ્રાજ્યના ઐશ્વર્યને પણ શંકરને માટે તમારે ગૌણ ગણવાં જોઈએ, ને એક શિવને માટે તમારા અંતરમાં વિરહની ભયંકર જ્વાલા લાગી જવી જોઈએ. આનું નામ જ તપ.પાર્વતીએ આવું જ તપ કર્યું હતું, તેનું હૃદય આવા જ તપનું બનેલું હતું. આવી લગની ને પ્રેમભાવનાને કેળવો તો ભગવાન શંકર તમને જરૂર મળે. પાર્વતીના તપ–ચરિત્રમાંથી આ જ શિક્ષા મળે છે. તેને ગ્રહણ કરી તમે પણ પાર્વતી બનો. તમે જ્યાં પાર્વતી બન્યા એટલે શંકર દૂર રહી શકે જ નહીં. પાર્વતીથી શંકર દૂર રહી શકતા જ નથી એ નિયમ છે. આ નિયમ પ્રમાણે આજ લગી કંઈ બડભાગીએ શંકર ભગવાનનાં દર્શન કર્યા છે, ને તમે પણ જરૂર કરી લો.

**પ્રશ્ન :** વેદાંત એટલે શું? તે સમજાવવા કૃપા કરશો?

**ઉત્તર :** સૌથી પ્રથમ વાત હું કહી દઉં કે હું કોઈ પંડિત કે શાસ્ત્રી નથી, તેમ જ શાસ્ત્રોનો નિષ્ણાત હોવાનો પણ દાવો કરતો નથી. હું તો ઈશ્વર પર શ્રદ્ધા રાખી આત્મિક વિકાસના માર્ગમાં



વરસોથી લાગેલો છું. એટલે અનુભવને લીધે તેમ જ ઈશ્વરી કૃપાને કારણે મને જે વસ્તુ જેવી સમજાય છે તેવી કહી બતાવું છું. તેને બ્રહ્મવાક્ય માનીને ચાલવું જોઈએ, તેવો મારો દુરાગ્રહ નથી. પણ તેના પર વિચાર ના કરવો ને તે પંડિતના વચન નથી માટે જ તેની ઉપેક્ષા કરવી એમ પણ હું નથી કહેતો.

પંડિતાઈની પાઠશાળામાં પ્રવેશ્યાવિના પણ જ્ઞાન મળી શકે છે એમ મારું માનવું છે. એટલે મારા કથનમાં ગ્રહણ કરવા જેવું લાગે તેને ગ્રહણ કરી જીવનમાં ઊતારવાની જરૂર છે. જ્ઞાન કેવળ ચર્ચાને માટે, વિનોદને માટે કે ફૂરસદનો સમય કાઢવા માટે નથી, તેને તો જીવનમાં મહત્ત્વનું સ્થાન છે—જેમ પ્રાણને દેહમાં છે તેવું. એટલે તે સંજીવની બૂટી છે. તે દ્વારા જીવનની જડતા દૂર કરવાની છે, નિર્બળતાને ખંખેરી કાઢવાની છે ને સર્વ જાતનાં બંધનથી મુક્તિ મેળવવાની છે. આટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે. તો જ આપણો વાર્તાલાપ સફળ નીવડશે ને જીવનને ઉજ્જવળ કરવામાં સહાયક થશે. નહિ તો તમારો ને મારો વખત વ્યર્થ ગયો મનાશે.

વેદાંતનો અર્થ ટૂંકમાં જ્ઞાનનો અંત એટલે પરમતત્ત્વ વિશેનું જ્ઞાન એવો થાય છે. તે જ્ઞાનમાં મુખ્યત્વે ત્રણ જાતના જ્ઞાનનો સમાવેશ થાય છે.

એક તો પરમાત્મા સંબંધી જ્ઞાન, બીજું જીવાત્મા સંબંધીનું જ્ઞાન ને ત્રીજું જીવાત્મા અને પરમાત્માના સંબંધ તેમ જ મિલન અથવા સાક્ષાત્કાર વિશેનું જ્ઞાન ને તે ઉપરાંત જીવ, જગત ને પરમાત્મા એ ત્રણેના સંબંધનું જ્ઞાન. આ સંબંધ જાણીને પરમાત્માની પ્રાપ્તિ માટે જે પુરુષાર્થ કે સાધના થાય છે તે આ જ્ઞાનની અંદર આવી જાય છે. તેવી અનેકવિધ સાધના શાસ્ત્રોમાં

વર્ણવેલી છે. પણ તેને મુખ્યત્વે જ્ઞાન અને ઉપાસના કે ક્રિયાયોગ એ બે વિભાગમાં વહેંચી નાંખવામાં આવી છે.

આમ વેદાંતનો અર્થ બહુ વ્યાપક છે. પણ વિદ્વાનોમાં વેદના જ્ઞાનમાર્ગના નિષ્કર્ષરૂપ બ્રહ્મસૂત્ર, ઉપનિષદ ને ગીતા આ ત્રણનો વેદાંતના મુખ્ય પ્રમાણભૂત ગ્રંથો તરીકે સ્વીકાર થાય છે. આ ઉપરાંત શંકરાચાર્યના અદ્વૈતવિષયક ગ્રંથો પણ વેદાંતના પ્રમાણિત ગ્રંથો મનાય છે.

શંકરાચાર્યે વેદાંતના સિદ્ધાંતોને તારવી કાઢીને પુનઃસ્થાપિત કર્યાં છે, તેમ જ તેનો પ્રચાર પણ તેઓએ વિશાળ પાયા પર કર્યો છે, આને લીધે કેટલાક વિદ્વાનો શંકરાચાર્યની ફિલસૂફીને ને તેમના ગ્રંથોને જ વેદાંત માને છે. પણ વેદાંતનો અર્થ વિશાળ હોઈ ને કેવળ અદ્વૈતવાદ જ નહીં પણ જ્ઞાનના બધા જ મહત્ત્વના સિદ્ધાંતો—જે ભારતમાં પ્રાચીનકાળથી અર્વાચીન કાળસુધી પ્રચલિત થયા છે ને જે હજી પણ પ્રચલિત થશે. તેમનો વેદાંતમાં સમાવેશ કરવામાં કાંઈ હરકત નથી. તેમાં ક્રમવિકાસ હોઈ શકે. પણ જુદા–જુદા સિદ્ધાંતો એકમેકના પૂરક છે એ ભૂલવાનું નથી. આ રીતે દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને અદ્વૈતવાદ વેદાંતની એક જ સાંકળના ત્રણ અંકોડા છે.

વેદાંતનો ટૂંકો અર્થ આત્મા કે પરમાત્મા–વિષયક પરમજ્ઞાન છે એટલી જ વાત આપણે માટે પૂરતી છે. બીજી ચર્ચા પંડિતો માટે છોડીએ. વેદાંતના આ જ્ઞાનનો ઉપયોગ માણસે પરમશુદ્ધ બનીને જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત કરવા માટે કરવાનો છે. જીવનનો એ શ્રેષ્ઠ પુરુષાર્થ છે. વેદાંતની સિદ્ધિ તે પુરુષાર્થને સિદ્ધ કરવામાં છે. તે સિદ્ધ કરનાર મહાપુરુષ જ સાચો વેદાંતી કહી શકાય. □



# કઠોપનિષદ્ (૩)

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

## (૮) આત્માની ઓળખ

પોતાના ઉપદેશના અનુસંધાનમાં વધારે વિવેચન કરતાં યમદેવ કહે છે કે વેદોના અભ્યાસ કે પાઠમાં પ્રવીણ થવાથી આત્માની પ્રાપ્તિ નથી થઈ શકતી. બહુ વિશાળ કે ઊંડી બુદ્ધિ તથા શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ પણ તે માટે જરૂરી નથી ગણાતો. માણસ ભલે ને નિરક્ષર હોય ને વેદનો અક્ષર પણ ન જાણતો હોય, છતાં પરમાત્માને ઓળખવાનું વ્રત લે, આત્માના અનુભવનો દૃઢ સંકલ્પ કરે, તેની જ પ્રાપ્તિની કામના ને તે માટે જરૂરી પુરુષાર્થ કરે, અથવા ટૂંકમાં કહીએ તો એક આત્માને જ વરે ને પસંદ કરે તથા તેને માટે ફકીરી ધારણ કરે તો તેની પ્રાપ્તિ થઈ શકે છે. આત્માને ઓળખવાની મુખ્ય જરૂર તેને માટેની તાલાવેલી, તીવ્ર ઈચ્છા ને ધગશની છે. તેની પણ છે. એ બંને વસ્તુનો સમન્વય થાય તો કોઈ પણ માણસ શાસ્ત્રજ્ઞાન વિના પણ આત્માને ઓળખી શકે.

શાસ્ત્રજ્ઞાનનો સાર આખરે શો છે? એ જ કે માણસે હૃદયને નિર્મળ કરવું એટલે કે સદ્‌ગુણી ને સદાચારી બનવું ને આત્મદર્શી થવું. બધાં જ શાસ્ત્રો છેવટે તો માણસને પરમાત્માને ઓળખવાનો કે પરમાત્માની વધારે ને વધારે પાસે પહોંચવાનો આદેશ આપે છે. સઘળાં શાસ્ત્રો ને સંતવચનોનો સાર તે જ છે. તે સાર જેણે સમજી લીધો કે ગાંઠે બાંધ્યો તે શાસ્ત્રો વાંચે કે ન વાંચે તેથી કોઈ

વિશેષ લાભ કે હાનિની સંભાવના નથી, શેરડીનો રસ પીધા પછી પીલેલા સાંઠાને સાચવવાની ખાસ જરૂર નથી. તે પ્રમાણે શાસ્ત્રોનો સાર મેળવ્યા પછી શાસ્ત્રોને વળગી રહેવાની જરૂર છે જ એમ નથી. સારને મેળવ્યા પછી તે પ્રમાણે જીવન બનાવવાની જ જરૂર છે. શાંતિ તેથી જ મળે છે ને શાસ્ત્રજ્ઞાનની સફળતા પણ ત્યારે જ થાય છે.

જ્યાંસુધી જીવનમાં દુરાચાર, અનીતિ ને અધર્મનું સામ્રાજ્ય ફેલાયેલું છે, ત્યાંસુધી માણસને સત્ય જ્ઞાન કે પરમાત્માની પ્રાપ્તિ થઇ શકતી નથી. જેનું મન અતિશય ચંચળ છે ને જેને પોતાની ઇંદ્રિયો તથા પોતાના મન પર કાબૂ નથી, તેને પણ પરમાત્માનું દર્શન નથી થતું. જ્યાંસુધી ધ્યાન જેવી સાધના કે તપવ્રતમાં માણસને રુચિ નથી, નિયમિત ને એકધારી સાધનાની પ્રીતિ નથી, ધ્યેયની સમજ ને નિષ્ઠા નથી, ત્યાંસુધી આત્માનો અનુભવ અ-સંભવ છે. પરમાત્માના સાક્ષાત્કાર માટે માણસે મનની શુદ્ધિ, નિષ્ઠા, દૃઢતા, સદાચાર ને સત્કર્મ તથા ઉત્તમ વિચારશક્તિ કે વિવેકથી સંપન્ન બનવું જોઇએ. જીવન ને મનના આમૂલ પરિવર્તન વિના પરમાત્માની અનુભૂતિ અશક્ય છે. આ વાત સાધારણ માણસે ને સાધકે ખાસ યાદ રાખવા જેવી છે. તે વિના સાધનાની સફળતા નથી થઇ શકતી.

યમદેવના આ મહત્ત્વના ઉપદેશનો સારભાગ કઠઉપનિષદના પ્રથમ અધ્યાયની બીજી વલ્લી સુધીમાં સમાઇ જાય છે. તેનો વિચાર કરતાં ખરેખર આનંદ થાય છે. તો પછી તેને માટે આતુર બનેલા ને તરસ્યા થયેલા નચિકેતાને કેટલો બધો અપાર ને અવર્ણનીય આનંદ થયો હશે?



## (૯) ઊઠો ને જાગો

પહેલા અધ્યાયની ત્રીજી વલ્લીમાં પણ વત્તેઓછે અંશે એ જ વાત આવે છે. એની શરૂઆતમાં જ થોડાક સચોટ, સુંદર ને ભાવમય શ્લોકોની હારમાળા આવે છે. શરીરને રથની ઉપમા આપીને કહેવામાં આવે છે કે શરીર રથ છે; આત્મા રથમાં બેઠેલો યોદ્ધો છે; બુદ્ધિ સારથિ ને મનરૂપી લગામ છે. ઇંદ્રિયો શરીરના રથને જોડેલા જુદા જુદા ઘોડા છે. વિષયો તેમનાં ભોગસ્થાન કે તેમના રસ્તા છે. શરીર, મન તેમ જ ઇંદ્રિયો સાથે સંબંધમાં આવીને કે જોડાઇને આત્મા વિષયોને ભોગવે છે તેથી ભોક્તા કહેવાય છે એમ જ્ઞાની પુરુષોનું કહેવું છે, એ પ્રમાણે ઉપમા આપીને પછી કહેવામાં આવે છે કે ઘોડા તોફાની હોય તો સારથિના કાબૂમાં નથી રહી શકતા, તેવી રીતે ચંચળ મન ને અજ્ઞાની માણસની ઇંદ્રિયો તેના વશમાં નથી રહેતી. પરંતુ સારા ને શાંત ઘોડા સારથિના કાબૂમાં રહે છે તેમ સ્થિર મનના ને વિવેકી પુરુષની ઇંદ્રિયો સદા તેના સંયમમાં રહે છે. પરમાત્માની પ્રાપ્તિ અપવિત્ર, અવિવેકી ને મનના સંયમ વિનાના માણસોને નથી થઇ શકતી. આત્મપદ ને અમર જીવનનો આનંદ તો તેને જ મળે છે જે સદા સદાચારી ને પવિત્ર છે, વિવેકી છે, ને મનની શુદ્ધિ ને મનના સંયમથી સંપન્ન છે. પરમાત્માની પ્રાપ્તિ થયા પછી ફરી જન્મવાનું નથી રહેતું.

એ જ શ્લોકોમાં બેચાર મહત્ત્વની વાતો પણ કહેવામાં આવી છે. માણસો કેટલીક વાર ફરિયાદ કરે છે કે ઇન્દ્રિયો ને મનપર કાબૂ કરવાનું કામ ખૂબ જ કપરું છે. તેને સાધીને આત્માનો અનુભવ કરવો એ લોઢાના ચણા ચાવવાજેવું છે. તેમને હિંમતનો

ઉપદેશ આપતાં કહેવામાં આવે છે કે મન ને ઇન્દ્રિયો ગમે તેટલાં બળવાન હોય તોપણ તેથી ડરી જવાની કે નિરુત્સાહ થવાની જરૂર નથી. માણસની વિવેકશક્તિ અથવા બુદ્ધિ વધારે બળવાન છે. તેનો લાભ લઇને માણસે પોતાની આત્મોન્નતિનો દૃઢ સંકલ્પ કરવો જોઇએ. તેમ જ ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેને વળગી રહીને પોતાની પ્રગતિની પવિત્ર દિશામાં આગળ ને આગળ પગલાં ભરવાં જોઇએ. બુદ્ધિશક્તિ કરતાં પણ પરમાત્માની શક્તિ શ્રેષ્ઠ છે. તે પરમાત્માનું શરણ લઇ કોઇ પ્રામાણિકપણે પોતાની પ્રગતિ માટે પુરુષાર્થ કરે તો તે જરૂર સફળ થઇ શકે છે. સાધનાનો માર્ગ નીડરતા, દૃઢતા, મજબૂત સંકલ્પ ને ઉત્સાહનો છે. પોતાની જાતને છેક નાની ને હલકી માની લઇને તેના પ્રારંભમાં જ કે તેનો પ્રારંભ કરતાં પહેલાં જ મનને મારી નાંખવાની જરૂર નથી. જેના પગ પ્રવાસના પ્રથમ પગલે અથવા પ્રવાસનો વિચાર કરતાં જ પાણી વિનાના થઇને ભાંગી જાય છે તે પ્રવાસી પોતાના ઇપ્સિત સ્થાનને નથી પહોંચી શકતો. એટલા માટે જ સાધકે દૃઢ શ્રદ્ધા, ધગશ ને અનંત આશાથી સંપન્ન થવાની જરૂર છે. પોતાની યોગ્યતા ને શક્તિનો વધારે પડતો ને ખોટો આંક કાઢવાની ટેવ જેમ બરાબર નથી, તેમ તેના ગજને તદ્દન ટૂંકાવી દઇને વધારે પડતા હતોત્સાહ થવાની પણ જરૂર નથી. પોતાની યોગ્યતા સમજી પોતાની સંપૂર્ણ શક્તિને ધ્યેય પાછળ લગાવી દેવાની જરૂર છે. જે માર્ગે મુસાફરી કરવાની છે તે માર્ગે આગળ વધી શકાશે ને ધ્રુવપદની પ્રાપ્તિ જરૂર થશે એવી અનંત શ્રદ્ધા અંતરમાં ઉત્પન્ન કરવાની ને વધારવાની છે.

આ કામ એટલું બધું મહત્ત્વનું ને મોટું છે કે જેટલા બને તેટલા વહેલા જાગવાની જરૂર છે. વિવેકી થઇને એનું રહસ્ય



ઉકેલવાનો આરંભ કરવાનો છે. જીવન થોડું છે. તે પણ પાણીના પ્રવાહની પેઠે વેગથી વહી રહ્યું છે. તેનો મોટાભાગનો વખત બીજા જરૂરી કે બિનજરૂરી વ્યવસાયોમાં વીતી જાય છે. બાકીના સમયનો આત્મોન્નતિની જરૂરી સાધનામાં લાગી જવું જોઇએ. તે માટે અનુભવી મહાપુરુષનો સંપર્ક સાધવો જોઇએ. તેવા મહા-પુરુષનું માર્ગદર્શન આ માર્ગના પ્રારંભમાં ખૂબ જ જરૂરી થઇ પડે તેમ છે. માર્ગ વિકટ છે, મુશ્કેલી ને મૂંઝવણથી ભરેલો ને લાંબો છે. અસ્ત્રાની તીણી ધાર પરથી પસાર થવું જેમ કઠિન છે તેમ આ માર્ગે પ્રવાસ કરવાનું કામ કપરું છે. ખૂબ ધીરજ, હિંમત, વિવેક, સાવધાની ને દૃઢતાથી પ્રવાસ કરવાની કે આગળ વધવાની જરૂર છે. તેવી રીતે આગળ વધનાર સાધકે કશાથી ડરવાની જરૂર નથી. માર્ગમાં મળતી મુશ્કેલી ને મૂંઝવણ અથવા પંથમાં આવતાં પ્રલોભનો ને ભયસ્થાનોને સરળતાથી પાર કરી તે પોતાના ધ્રુવપદે પહોંચી જશે ને પરમાત્માનો સાક્ષાત્કાર કરીને કૃતાર્થ થશે. માટે જ ઉપનિષદ કહે છે કે ઊઠો ને જાગો. આવા ઉમદા આદર્શને આત્મસાત્ કરવા અત્યારથી જ કમર કસો. उत्तिष्ठत जाग्रत ।

## Maun Sadhna Shibir–2000

**Yogesh Lad–Toronto, Canada**

I want to thank Pujya Shri Yogeshwarji for allowing me to attend this month long shibir with Pujya Maa Sarveshwari. I've said this earlier during the shibir, how many times in one's life, will a devotee be able to spend an entire month with their beloved Guru away from civilization and their daily heart aches? That is why, I decided to attend this shibir for the entire duration. I had to experience this opportunity while I was young, full of energy and still growing.

In addition, I was at a point in my life where I needed a change. Certain things were not well within me, and at such a crucial time, I needed some sort of guidance that I know only Pujya Maa can provide.

During this shibir, I have loved waking up each day knowing her presence will soon be felt. The anticipation of her walking through the curtain as the clock reaches 7:00 am.



Savouring the moment when my eyes see Pujya Maa first thing each morning. Just observing her rock back and forth on the swing from afar is such a peaceful heart warming sight. Spending quiet evenings watching videos or listening to her teach through her magic slate. Pujya Maa always keeps things humourous, fun and at the same time there is always a lesson to be learned.

I've never observed Pujya Maa closely like I have done at this Shibir. I have realized that she is beyond perfection and truly the highest divine form imaginable. When I think of Maa, I think of strength, elegance and sweetness. To me, she is a part of God and that is why there is no way of attempting to describe who she really is. The only way to describe Pujya Maa is through the way you what she means to me.

Pujya Maa says we all have a seed inside us. We need sunshine, water and care for it to grow. For me, my source of energy has always been Pujya Maa. I have grown in so many different ways I'd never think possible. For that, I am forever grateful.

This shibir consisted of four weeks that have passed by really quick. In the first week, I spent most of my time trying to get comfortable with the camp surroundings and trying to establish a schedule for my niyams. After experiencing Edmonton and Alaska Yatraa, I enjoyed being close to Pujya Maa once again, something that I have truly missed over the last year, In the second week, the youth planned and practiced a 3 hour program for Pujya Maa on Guru Purnima. What was suppose to be a few minutes from a play we did in Toronto, turned into a spectacular show.

The 3rd week I was working on the computer doing various Work for Pujya Maa. There, she'd come in 3-4 times a day to check on how things were going. Once again, I got to see how Pujya Maa works step by step. And finally, this last week, we planned another program for Maa in which a solid 3-4 days were spent. It seemed with every practice that went by, we were adding new things to the play. With Pujya Maa's grace and the tremdous effort by the youth, I think



the natak went well. Shibir has gone so fast, it will take some time before I understand the fruits of it. As the days start to pass, I will realize how much this shibir has meant to me.

I'll talk a little about my **Niyam:** Since I was staying 28 days, I wanted to try a few things.

After hearing about last year's shibir, my first niyam was to do pranam. It is one of the greatest gifts/offering we can give to God. It is very simple, pure, from the heart and you can give as much as you want. Before this shibir, I struggled to 11 pranams at home. And when I see Pujya Maa do pranams with so much love dedication and concentration, I see how significant pranam is. So I decided to do 10,001 pranam during the Maun Shibir, which is equivalent to 361 pranams/day. By fixating on Pujya Shri and Pujya Maa, pranams became very easy and enjoyable. On one occasion I did 650 pranam a day, and this last week I did 1001 pranam.

On Guru Purinma:

I had an excellent time with youth from all

parts of N.A. What was suppose to be a small exchange of words between myself and Dharmesh turned into a 3 hour show in a big red and white tent upon a platform. The show was well done. It was of mixed variety, and there were no flaws. From humour, to drama, to music and dance, Guru Purinma was a very special day. It was a gift from the youth to Pujya Maa.

I remember that she was very pleased with the show. We all know how much Pujya Maa loves to give to make our hearts content. That day, she gave us mixed nuts, candy, sout, and a picture of her. In the evening she award us with trophies with each participants name engraved at the bottom. This shows how sweet and a caring mother she is. Then to top it off, on Sunday night in the last session, she gave all the youth ice cream. Even far away, in a jungle type place, she is giving.

But there are two things that I will always cherish. She gave us her blessings and love. And then she gave blessings from Pujya Shree. Just receiving those blessings was



enough for me. I don't think I'll ever forget the way I felt that night.

On August 3, 2000

All the ingriedients for this natak came into place by Pujya Maa's grace. Within 3 days, we obtained scripts, costumes, props and produced a show portraying siginficant events in Pujya Shri Yogeshwarji's life. Each and everyday, some aspect of the natak would change. All the kids worked really hard in trying to present the best show to Pujya Maa with the available resources and limited time we had. It couldn't have gone more perfect. In addition, I think the right mix of youth came together. Hetal, Premal and Hitesh worked extremely hard sleeping 3–4 hours a night. Our goal was provide Pujya Maa with a show she would enjoy. I hope we did that. To me, making Pujya Maa laugh, or smile, or pleased is like making the sun shine or the earth move.

Some small things I've noticed here at the shibir.

I haven't felt so closer to her in such a

short period time than here. One day she put each of her hands on my shoulders. The flow of energy I felt was unbelievable. I stopped typing, and just felt her love.

Doing various types of work was very enjoyable. Working close and through each step with Maa is truly a wonderful expereince. Not only do you learn of Maa's dicspline, you learn things about yourself and how to improve those qualities.

I've always had a difficult time listening to audio pravachans of Pujya Shri, but Maa has made it enjoyable. If you concentrate, I know you can at least extract the theme of the lecture and how you yourself can implement his ideas into your life.

Pujya Maa has looked after everything and everyone with great care. I've been watching and it's amazing that no matter how pure she is, she is coming down to our level. She wants to be treated equally, a trait you don't see in many saints. Then again, Pujya Maa is beyond that. Some of things I've noticed are:

Picking up the dirty mat in the front door.



she has picked it up several times shaking the dirt off. If you think about it, the dirt on the mat belong to all of us.

She has bent down and started fixing our SHOES in a proper order.

She has moved heavy boxes so people can do their niyams/work better.

She has turned on the fan in the office where it's so humid several times.

She has brought things for us, she has turned on lights, she has fixed things out of place, closed door. The Great amount of attention she has to detail is unbelievable.

tried to throw the garbage out. Here we are eating, producing the waste, and Pujya Maa sees the garbage bag sitting and attempts to throw it away.

She has played ball with the children.

She has walked to all our rooms handing out prasad.

She has endured all of our mistakes and taught us along the way

Today, Maun Sadhna Shibir 2000 Calgary

Alberta comes to a close. Only Prabhu knows if there will be another one. However, the end of this shibir should not mean we should stop what we have been doing everyday. I've said this before, you have to take something back with you, regardless of how small it is. Doing sadhna, we reach a certain height, failture to continue, we will go back down, and all of this effort would be for nothing. Swami Sivananda says, "Act now, Live now, Know now, Realize now, be Happy Now"...and I think that's how Pujya lives each and every second. Like Pujya Maa said in Alaska 1998, Take what you learned home, implement it, and practice it.



# મૌન સાધના શિબિર–૨૦૦૦

મૂળ લેખક : યોગેશ લાડ, ટોરેન્ટો કેનેડા.
અનુવાદ : તંત્રી

પરમ પૂ. શ્રી યોગેશ્વરજીનો હું ખાસ આભાર માનું છું કે એક મહિના જેટલી લાંબી પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં યોજાયેલી આ શિબિરમાં હું હાજર રહી શક્યો. હું અગાઉ કહી ચૂક્યો છું કે ભક્ત માણસના આખા જીવનમાં એવા પ્રસંગો કેટલા આવે જ્યારે તે પોતે પોતાને ગમતા એવા ગુરુના સાન્નિધ્યમાં આખો એક મહિનો–કહેવાતી સંસ્કૃતિ અને દૈનિક જીવનની વ્યથાઓથી દૂર, આવી શિબિરમાં આવી ગાળી શકે? એથી જ મેં નક્કી કર્યું કે મારે આખો મહિનો તેમાં જોડાવું. હું જ્યારે યુવાન, શક્તિસંપન્ન અને હજી વિકાસ કરી રહ્યો છું ત્યારે જ મારે આ અનુભવની તક ઝડપી લેવી જોઈએ.

વિશેષંમાં જીવનમાં હું એ તબક્કામાં હતો જ્યારે મારે પરિ-વર્તનની આવશ્યકતા હતી. મારામાં પણ કેટલીક ઉણપો હતી. એટલે જીવનના આ મહત્ત્વના તબક્કે મારે એવા કોઈ માર્ગ-દર્શનની આવશ્યકતા હતી જે મારી જાણ પ્રમાણે, પૂ. મા જ પૂરું પાડી શકે તેમ હતાં.

શિબિર દરમ્યાન દરરોજ વહેલા ઊઠી જવાનું મને ગમતું જેથી કરીને પૂ. માની ઉપસ્થિતિ હું અનુભવું. સવારે ૭ ના ટકોરે પૂ. મા પડદાની પાછળ ચાલતાં દેખાય એવી અપેક્ષા રહેતી. રોજ સવારે સૌ પ્રથમ પૂ. માના આ દર્શનની ક્ષણ મારી આંખો માણી

લે છે. પૂ. માને દૂરથી હીંચકા ઉપર ઝૂલતાં જોવાં એ કેવું હૃદયને ઉષ્મા ધરતું દૃશ્ય છે? વિડિયો જોવામાં સલૂણી સાંજ વિતાવવી કે પોતાની લખી લખીને ભૂંસી નંખાતી સ્લેટ દ્વારા પૂ. માના ઉપદેશો સાંભળવા (એ કેવું રોમાંચક છે?) પૂ. મા હંમેશા વાતાવરણ હળવું ને રમૂજપૂર્ણ રાખે છે, છતાં એમાં કંઈક ને કંઈક સાર ગ્રહણ કરવાનો હોય જ.

પૂ. માને જેટલાં નજીકથી આ શિબિરમાં મેં નીરખ્યાં એટલાં નજીકથી અગાઉ કદી નીરખ્યાં ન હતાં. મેં અનુભવ્યું છે કે તેઓ ખરે જ સર્વોચ્ચ પૂર્ણતાને પ્રાપ્ત કરી ચૂક્યાં છે એટલું જ નહિ પણ તેઓ મનુષ્યની કલ્પના પહોંચે તેટલી ઉચ્ચ દિવ્યતાનાં માનવીય સાકાર સ્વરૂપધારી સંત છે. પૂ. માનો વિચાર કરતાં જ શક્તિ, સ્ફૂર્તિ, સુઘડતા અને મધુરતાની યાદ આવી જાય છે. મારે મન તો પૂ. મા ઈશ્વરનો જ અંશ છે. અને એથી તો તેઓ ખરેખર શું છે તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કરવાનો કોઈ અર્થ નથી. મારી દૃષ્ટિએ તેમને જાણવાનો એક જ માર્ગ છે તે એ કે તમે તેઓને કેવા ભાવથી નીરખો છો. પૂ. માને હું જે ભાવથી નિહાળું છું, તેને વ્યક્ત કરવાની મારી પાસે કોઈ ભાષા નથી. મારે મન પૂ. મા શું છે તે કંઈક અંશે કહેવા હું અહીં પ્રયત્ન કરું છું.

પૂ. મા કહે છે કે આપણા સહુમાં એક બીજ રહેલું છે. આ બીજને ઉગાડવા માટે સૂર્યનો પ્રકાશ, પાણી અને કાળજીની આવશ્યકતા છે. મારી વાત કરું તો પૂ. મા જ મારી શક્તિના ઉગમસ્થાનરૂપ છે. મારો વિવિધ ક્ષેત્રોમાં થયેલો વિકાસ, બીજી કોઈ રીતે શક્ય જ ન હતો. તે બદલ હું માનો ખૂબ ઋણી છું.

ચાર સમાહની આ શિબિર જાણે ઝડપથી પસાર થઈ ગઈ.



મારું પહેલું સમાહ શિબિરના વાતાવરણમાં સુખરૂપ ગોઠવવામાં અને મારા નિયમોના કાર્યક્રમને વળગી રહેવાના પ્રયાસોમાં વીત્યું, પૂ. મા સાથેની એડમન્ટન અને એલાસ્કાની યાત્રાઓ પછી ગયા વર્ષ દરમ્યાન પૂ. માનું જે સાન્નિધ્ય મેં ખરે જ ગુમાવેલું તેને ફરી એકવાર નજીકથી માણવાનો આનંદ મેં માણ્યો. બીજા સમાહ દરમ્યાન પૂ. મા માટે ગુરુપૂર્ણિમાની ઉજવણી માટે યુવકોએ જે ૩ કલાકનો કાર્યક્રમ બનાવેલો તેના રીહરસલમાં ગયો. ટોરન્ટોમાં અમે ભજવેલા નાટકમાંની થોડી મિનિટોનો ભાગ માત્ર રજૂ કરવાનું કલ્પવામાં આવેલ, પરંતુ તે ખરે જ એક જોવાલાયક કાર્યક્રમ બની ગયો.

ત્રીજા સમાહ દરમ્યાન પૂ. મા માટેની વિવિધ ડીઝાઈનો કોમ્પ્યુટરપર બનાવવાના કામમાં લાગી ગયો. મારું કામ કેવું થઈ રહ્યું છે તે જોવા માટે દિવસમાં ત્રણ–ચાર વાર પૂ. મા આવતાં. ફરી મને પૂ. મા ક્રમે ક્રમે કેવી રીતે કામ કરે છે, તે જોવા મળ્યું. અને છેલ્લે ચોથા સમાહ દરમ્યાન, અમે પૂ. મા માટે બીજો કાર્યક્રમ બનાવ્યો જેમાં તો ત્રણચાર આખા દિવસો તેને તૈયાર કરવામાં ગયા. દરેક પ્રેક્ટીસ કરતી વખતે એવું લાગતું કે જાણે મૂળ નાટકમાં અમે કંઈક નવું જ ઉમેરતા ના જતા હોઈએ! પૂ. માની કૃપાથી તેમ જ યુવાનોના ભારે પુરુષાર્થથી, મને લાગ્યું કે નાટક ખરે જ સારું ભજવાયું. આ શિબિર તો એટલી ઝડપથી પસાર થઈ ગઈ કે તેની ઉપલબ્ધિઓને સમજતાં મને કેટલોક સમય લાગશે. દિવસો જેમ જેમ વીતવા લાગશે, તેમ તેમ મને શિબિરમાંથી શું પ્રાપ્ત થયું તે સમજાતું જશે.

હવે હું મારા નિયમો અંગે થોડી વાત કરીશ. હું ત્રીસે ત્રીસ

દિવસ રોકાવાનો હતો એથી હું થોડી વસ્તુઓનો પ્રયોગ કરવા માગતો હતો.

ગયા વર્ષની શિબિર વિષે જાણ્યા પછી મારો પહેલો નિયમ પ્રણામ કરવા અંગેનો હતો. આપણે પ્રભુને માટોમાં મોટી ભેટ અર્પણ કરી શકીએ તો તે આ પ્રણામ છે. તે સરળ ને સાદા છે એના વડે હૃદયથી તમે પ્રભુને ધારો તેટલો ભાવ અર્પણ કરી શકો છો, શિબિર પહેલાં ઘરે મને ૧૧ પ્રણામ કરતાં ફાંફાં પડતાં. (પરંતુ) પૂ. માને જ્યારે આટલા બધા પ્રેમ, ભક્તિ અને એકાગ્રતા-પૂર્વક પ્રણામ કરતાં જોઉં છું ત્યારે મને પ્રણામ કેટલા મહત્ત્વના છે તે સમજાય છે. તેથી મેં સંકલ્પ કર્યો કે આ મૌન શિબિર દરમ્યાન દસ હજાર ને એક પ્રણામ કરવા. તે માટે રોજના ૩૬૧ પ્રણામ કરવા પડે. પૂ. મા અને પૂ. ગુરુદેવના સ્વરૂપ ઉપર મન એકાગ્ર કરવાથી, પ્રણામ ખરેખર ઘણા સહેલા અને આનંદદાયક થઇ ગયા. એક પ્રસંગે તો મેં એક દિવસમાં ૬૫૦ પ્રણામ અને આ છેલ્લા અઠવાડિયે એક હજાર ને એક પ્રણામ કર્યા.

ગુરુપૂર્ણિમા વિષે

ઉત્તર અમેરિકાના બધા વિભાગોમાંથી આવેલા યુવાનો સાથે ગાળેલો મારો તે શ્રેષ્ઠ સમય હતો. મારા અને ધર્મેશ વચ્ચેના થોડાં જ વાક્યોનો માનેલો તે સંવાદ, પૂરા ત્રણ કલાકનો બની રહ્યો. સ્ટેજ ઉપરના મોટા લાલ અને સફેદ તંબુમાં તે ખૂબ સરસ રીતે ભજવાયો. એમાં વિવિધતા હતી અને કોઇ ક્ષતિ ન હતી. તેમાં રમૂજ અને અભિનય તેમ જ સંગીત અને નૃત્યનું સંમિશ્રણ હતું. ગુરુપૂર્ણિમા એ તો ખાસ ઉત્સવનો દિવસ અને યુવકો તરફથી પૂ. માને ધરેલી અંજલિ હતી.



મને યાદ છે કે પૂ. મા આ જોઇને ખૂબ ખુશ થયેલાં. આપણે બધા જાણીએ છીએ કે આપણા બધાના હૃદયોને પરિતૃપ્ત કરવા પૂ. મા આપવામાં કેટલો બધો આનંદ અનુભવે છે. તે દિવસે તેઓએ પોતાના સ્વરૂપ સાથે દરેકને બદામ, કાજુ અને ચોકલેટ આપ્યાં. વળી સાંજે દરેક ભાગ લેનાર વ્યક્તિના કોતરેલા નામ સાથેની ટ્રોફી પણ ભેટમાં આપી. આ જ દર્શાવે છે કે પૂ. મા કેટલાં બધાં મધુર અને પ્રેમાળ છે? આ બધાના શિરમોર જેવી વાત તો એ હતી કે પૂર્ણાહુતિના છેલ્લા રવિવારે તેઓએ આવા દૂરના જંગલ જેવા સ્થળમાં–બધા જ ભાગ લેનારાઓને આઇસ્ક્રીમ ખવડાવ્યો !

કિન્તુ જેને હું હંમેશ યાદ કરીશ એવી બે વાતો છે તે છે તેમના આશીર્વાદ અને પ્રેમ અને પાછા પૂ. શ્રી ગુરુદેવ વતીથી પણ આશીર્વાદ. મારે માટે તો આ આશીર્વાદ જ પૂરતા છે. તે રાતે મેં જે અનુભવ્યું તે જીવનમાં હું કદી પણ નહિ ભૂલી શકું.

૩ જી ઑગસ્ટ, ૨૦૦૦ વિષે.

પૂ. માની કૃપાથી જ નાટક માટે જે બધી વસ્તુઓની આવશ્યકતા હતી તે સ્થળ પર મળી ગઇ. માત્ર ૩ દિવસોમાં જ, નાટકની સ્ક્રીપ્ટ, પોષાક તેમ જ જરૂરી વસ્તુઓ ભેગી કરાઇ અને પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનની મહત્ત્વની ઘટનાઓ રજૂ કરતું નાટક રજૂ થયું. રજૂ થતાં પહેલાં રોજ ને રોજ ઘટનાઓ અંગે ફેરફાર થતા રહેતા. કહેવું જોઇએ કે મર્યાદિત ઉપલબ્ધ સાધન-સામગ્રી અને સમયમાં પૂ. મા સમક્ષ સરસ નાટક રજૂ થાય તે માટે નાના બાળકોએ તનતોડ મહેનત કરી. આનાથી વધુ સારું ભજવી ના શકાય એમ લાગ્યું. વળી બધા યુવકો પરસ્પરના ગાઢ

સંપર્કમાં આવ્યા તે વધારામાં. હેતલ, પ્રેમલ અને હિતેશે તો એટલો બધો સખ્ત પરિશ્રમ ઊઠાવ્યો કે રાતે તેઓ માણ ૩–૪ કલાક ઊંઘવા પામતા. અમારું એક જ લક્ષ હતું કે પૂ. મા રાજી થાય એવું નાટક ભજવવું. મને આશા છે કે તે લક્ષ સિદ્ધ થયું. મારે મન પૂ. માને હસાવવાં, સ્મિત કરાવવું કે તેમને પ્રસન્ન કરવાં એ સૂર્યપ્રકાશ રેલાવવો કે પૃથ્વીને હલાવવા સરખું મહત્ત્વનું.

અહીં આ શિબિરમાં મેં જે કેટલીક સામાન્ય બાબતો નોંધી તે વિષે.

અહીંના જેટલા ખૂબ ટૂંકા ગાળામાં પૂ. માની આટલી બધી નજીક આવવાનું મેં અગાઉ અનુભવ્યું નથી. એક દિવસે તેઓએ પોતાના બંને હાથ મારા ખભાઓ પર રાખી દીધા. તેના પરિણામે, શક્તિનો જે પ્રવાહ મેં અનુભવ્યો તે માન્યામાં ન આવે તેવી વાત છે. મેં ટાઇપ કરવાનું બંધ કરી દીધું અને પૂ. માનો પ્રેમ હું માણી રહ્યો.

વિવિધ પ્રકારનાં કામો કરવામાં આનંદ આવતો. ડગલે ને પગલે પૂ. માની નજીક રહી કામ કરવું તે ખરે જ અદ્ભુત અનુભવ છે. તેનાથી પૂ. માની શિસ્ત વિષે તમે ઘણું જાણી શકો એટલું જ નહિ, પરંતુ તમે તમારી જાતના તેવા ગુણોમાં કેવો સુધારો પણ કરી શકાય તે શીખી શકો.

પૂ. શ્રી યોગેશ્વરજીના ઓડિયો પ્રવચનો સમજવામાં મને હંમેશાં તકલીફ પડતી, પરંતુ પૂ. મા તેને સમજવાનું રસમય બનાવી દેતાં. તમે જો ધ્યાનપૂર્વક સાંભળો તો પ્રવચનના વિષય વિષે તો કમ સે કમ થોડું સમજી શકો અને તમારા જીવનમાં તમે તેને ઉતારી તેનું આચરણ કેવી રીતે કરી શકો, તે સમજાઇ જાય.



પૂ. મા દરેક બાબતની અને દરેક જણની બધી કાળજી રાખે છે! હું એ જોયાં કરતો અને મને આશ્ચર્ય પણ થતું કે પૂ. મા કેટલી બધી ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકા ઉપર હોવા છતાં પણ, અમારી નીચી ભૂમિકાએ આવીને અમારાં કાર્ય કરતાં. તેઓ કોઇ ખાસ દરજ્જાની અપેક્ષા રાખતાં નથી. બીજા સાધકોની જેમ તેમને ગણવામાં આવે. બીજા ઘણા સંતોમાં તમને આવો ભાવ ભાગ્યે જ જોવા મળે. પૂ. મા ખરે જ આવી બાબતોથી પર છે. પૂ. માના વ્યવહારમાં મેં જે કેટલીક નોંધનીય બાબતો જોઇ તે આ પ્રમાણે છે.

બહાર દરવાજામાં પડેલી કચરાવાળી સાદડી ઉપાડી લેવી. તેઓ કેટલીય વાર તે ઉપાડીને તે પરનો કચરો ખંખેરી નાંખતાં. તમે તે વિષે વિચારો તો તે બધો કચરો સાધકોનો જ હતોને!

તેઓ નીચાં નમી સાધકોના ચંપલ ને જોડાઓને સરખી રીતે ગોઠવી દેતાં. સાધકોને પોતાના નિયમોનું પાલન સારી રીતે કરવામાં અડચણરૂપ ભારે ખોખાં તેઓએ જ એક બાજુ ખસેડી નાંખ્યાં. ભેજવાળા વાતાવરણમાં ઓફિસમાં પંખાની જરૂર ન હોય, ત્યારે પોતે જ પંખા કેટલીય વાર બંધ કરી દેતાં. અમારે માટે તેઓ વસ્તુઓ લાવેલાં એટલે જરૂર હોય ત્યારે બત્તીઓ કરી દેતાં. આડીઅવળી પડેલી વસ્તુઓ સરખી ગોઠવી દેતાં, તો દરવાજા પણ બંધ કરી દેતાં. નાની બાબતોમાં પણ પૂ. માનું ઝીણવટભર્યું ધ્યાન ખરે જ ન માન્યામાં આવે એવી બાબત છે.

અહીં અમે ખાતાં તેનો નીકળતો કચરો તે યોગ્ય સ્થળે બહાર ફેંકી દેવા પૂ. મા પ્રયત્ન કરતાં. કચરાનો કોથળો પડેલો જોતાં જ, તેઓ તેનો નિકાલ કરી દેતાં. અરે, નાના બાળકો સાથે તેમના

જેવાં થઇ દડાથી રમતાં.

પ્રસાદ વહેંચવા માટે દરેક રૂમોમાં ફરી વળતાં. અમારી બધી ક્ષતિઓને સહી લઇને અમને સારા માર્ગે કેમ જવાય તે શીખવ્યું. આલ્બર્ટ, કેલગરી ખાતેની મૌન સાધના શિબિર ૨૦૦૦ નો આજે છેલ્લો દિવસ છે. બીજી આવી શિબિર થશે કે કેમ તે તો એક પ્રભુ જ જાણે, આમ છતાં આ શિબિરની પૂર્ણાહુતિ થઇ એટલે આપણે રોજ જે કરતાં હતાં તે બંધ કરી દેવાનું એમ સમજવાનું નથી. મેં અગાઉ કહ્યું છે તેમ, તમારે પાછા ફરો ત્યારે કંઇક તો ગ્રહણ કરીને લઇ જવાનું છે, પછી ભલે તે ગમે તેવું નાનું હોય. સાધના કરતાં આપણે એક ઉચ્ચ ભૂમિકાએ પહોંચીએ છીએ. જો નિષ્ફળતા મળશે તો ફરી પાછા હતા ત્યાંના ત્યાં. અને કરેલો બધો પરિશ્રમ નકામો જશે. સ્વામી શ્રી શિવાનંદજીએ કહ્યું છે. વર્તમાનમાં કામ કરો, જીવો, જાણો, અનુભવો અને તેથી અત્યારે જ સુખનો અનુભવ કરી લો. એથી હું માનું છું કે પૂ. મા દરેક ક્ષણ એ રીતે જ જીવે છે. એલાસ્કાથી છૂટા પડતાં પૂ. માએ કહેલું "અહીં જે શીખ્યાં તે ગાંઠે બાંધી ઘરે લઇ જજો, તેનો અમલ કરજો અને તેને સતત કરતાં રહેજો."



# રામકથા

(જૂન–૨૦૦૧થી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એને બદલે, એની જ આકૃતિમાંથી, ભગવાન શંકર પ્રકટ થયા.

વાલ્મિકી એમના ચરણમાં પ્રણિપાત કર્યા એટલે એ બોલ્યા 'વાલ્મિકીએ મેં નિષાદનું રૂપ લઇને તમારા જીવનમાં કવિતાને પ્રકટ કરવાનું કામ કરી દીધું. એ કામ અવનીને માટે આશીર્વાદ-રૂપ થઇ પડશે. રામે સેતુનું નિર્માણ કરતાં પહેલાં સમુદ્રતટ પર મારી સ્થાપના કરેલી એને લીધે મેં એમનું આગળનું કામ સરળ કરેલું, અને એમનું કામ કરવા માટે તમને આજે મારું દર્શન આપ્યું. તમે હવે રામના જીવનની કવિતા કરો. એ મહાકવિતાની રચનામાં તમે સફળ થશો અને મહાકવિ સંસારના આદિકવિ કહેવાશો. એ કવિતા માનવજાતિને માટે ખૂબ જ મંગલમય થઇ પડશે અને અમર બનશે. સીતાના ભાવિ પુત્રોને એ કંઠસ્થ કરાવજો. એ કવિતા રામ અને સીતાના જીવનને ફરીથી એક કરનાર સેતુરૂપ થઇ પડશે ને સૌનું કલ્યાણ કરશે. મારો આશીર્વાદ છે.'

વાલ્મિકીએ એ આશીર્વાદને માથે ચઢાવ્યો.

કેટલો બધો અનેરો, ઉત્તમ અને લોકોપયોગી આશીર્વાદ?

એની સૌથી મોટી વિશેષતા, એ હતી કે, એ રામની સેવા માટે હતો. અને રામની સેવાથી વધારે શ્રેયસ્કર બીજું શું હોઇ શકે? કશું જ નહિ. એમની સેવામાં સીતાની અને સમસ્ત સંસારની સેવા સમાયેલી હતી.

એમણે ભગવાન શંકરને પ્રણામ કર્યા. એમના પ્રત્યે પોતાની કૃતજ્ઞતા બતાવી, ને ભગવાન શંકર અદૃશ્ય થયા.

**મહાકાવ્યની રચના**

નિષાદના પ્રસંગે મહર્ષિ વાલ્મિકીના જીવનમાં ભારે ક્રાંતિ કરી દીધી.

ભગવાન શંકરના દૈવી દર્શનથી એમનાં અંતરચક્ષુ ઊઘડી ગયાં. એમને ઊંડી શાંતિ મળી. એણના જીવનમાં મહત્ત્વની ક્રાંતિ કરનારો એ બીજો પ્રસંગ હતો.

પહેલો પ્રસંગ દેવર્ષિ નારદના મેળાપનો હતો.

એ આખાય પ્રસંગનું એમને સ્મરણ થયું.

નિષાદનું ઘોર કુકર્મ જોઈને પોતાનું હૃદય ખળભળી ઊઠયું ને પોતે એને શાપ આપ્યો, પરંતુ પોતે એ વખતે નિષાદ કરતાં ક્યાં ઊતરતા હતા? એમ કહો કે કુકર્મ કરવામાં એના કરતાં પણ આગળ હતા.

પોતે પણ એવી રીતે જ ધનુષ્યબાણ ધારણ કરતા ને હથિયાર રાખતા.

એકાંત અરણ્યમાં મળતા મુસાફરોને આંતરતા, લૂંટી લેતા ને જરૂર જણાતાં મારી નાંખતા પણ ખરા.

એ એમનો રોજનો વ્યાપાર થઈ પડેલો.

એ અભ્યાસ એમને સદી ગયેલો એટલે સાલતો પણ નહિ.

પરંતુ અંધારા ઘરમાં જેમ પ્રકાશનું કિરણ ફૂટે તેમ એમના ઉદ્ધારનો વખત પાસે આવ્યો એટલે એમને દેવર્ષિ નારદનો મેળાપ થયો.

(ક્રમશઃ)

## * ભક્તોનાં લક્ષણ *

ભક્તિના સૂરના અનુસંધાનમાં ભગવાન હવે ભક્તોનાં લક્ષણો કહી બતાવે છે. ભક્તોને ઓળખવા કેવી રીતે? સાધારણ માણસમાં ને તેમનામાં શો ભેદ છે? ભક્તોની નાડીપરીક્ષા કેવી રીતે કરવી? ભગવાનના પ્રેમમાં મગ્ન બનેલા ભક્તો ઈશ્વરની કૃપાવિના મળી શકતા નથી. તેમનું દર્શન કાયમને માટે કલ્યાણકારક થઈ પડે છે. તેમના સમાગમથી માણસને શાંતિ મળે છે. માણસના અંતરના સૂતેલા સંસ્કારો તેમનો સત્સંગ કરવાથી જાગી ઊઠે છે. તે સંસ્કારોને પોષણ મળે છે. ભક્તોના દર્શનની ઈચ્છાવાળા માણસોએ ભક્તોનાં લક્ષણ જાણી લેવાં જોઈએ. સાધારણ માણસોને માટે તો ભક્તોના લક્ષણનું જ્ઞાન જરૂરી છે જ. ભક્તો માનવ જ નહીં, પરંતુ જીવમાત્ર પ્રત્યેના પ્રેમથી ભરેલા હોય છે. એકલા મનુષ્ય પર પ્રેમ કરવાનું કોઈ કારણ નથી. પરમાત્મા તો જીવમાત્રમાં વસી રહ્યા છે. ભક્તોનું હૃદય પ્રેમ, પ્રેમ ને પ્રેમથી ભરેલું હોય છે. તેમના મનમાં જે ભાવનાઓ ઊઠે છે તે પણ પ્રેમમય હોય છે. તેમના વિચાર, વાણી પ્રેમાળ હોય છે. ભક્તો કોઈને પોતાના શત્રુ સમજતા નથી. બીજા ભલે તેમને શત્રુભાવથી જુએ, તે તો પ્રેમથી ભરેલા હોય છે. જેનામાં કોઈ પણ જાતનું અભિમાન છે તેને ભક્ત કહી શકાય જ નહીં.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * કયું બળ વધારે બળવાન છે? *

કયું બળ વધારે બળવાન, વધારે ચિરસ્થાયી ને સનાતન છે. દૈવી સંપત્તિનું કે આસુરી સંપત્તિનું? અજ્ઞાની લોકો ભલે કહે કે આસુરી સંપત્તિનું, પરંતુ સ્વાનુભવસંપન્ન જ્ઞાની પુરુષો કહે છે કે દૈવી સંપત્તિનું બળ વધારે શક્તિશાળી અને સર્વોપરી છે. આખરે એ જ વિજયી થાય છે. વિજયી ન્યાયનો, નીતિનો, માનવતાનો, સત્યનો, સમર્પણનો ને સહનશક્તિનો થાય છે; અન્યાયનો, અનીતિનો, દાનવતાનો, અસત્યનો, સ્વાર્થવૃત્તિનો અથવા અત્યાચારનો નથી થતો. થોડાક વખતને માટે કદાચ આસુરી સંપત્તિ શક્તિશાળી બનીને સફળતાને પ્રાપ્ત કરી લે, તે ભલે, પરંતુ આખરે એનો મૃત્યુઘંટ વાગીને જ રહે છે. પંરતુ મનુષ્ય હજુ પણ એ સત્યને સ્વીકાર કરી એને અનુસરવા ક્યાં આગળ આવ્યો છે? હિરણ્યકશિપુની પહેલાંના અને એના વખતના જમાનાથી માંડીને છેક આજ પર્યંત એણે આસુરી સંપત્તિનો આધાર લઈને દૈવી સંપત્તિને દબાવવાનો, નમાવવાનો, પરાસ્ત કરવાનો ને વિનષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે. પરંતુ અંતે એને પોતાને જ દબાવું, નમવું, પરાસ્ત થવું ને નષ્ટ બનવું પડયું છે. માનવના અલૌકિક અંતરાત્માને કદી પણ કાયમને માટે દબાવી, ડરાવી, ડગાવી કે મારી નથી શકાયો.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.